પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૮ કુલ પાના : ૪ તારીખ : ૦૪-૧૦-૨૦૨૪ શુક્રવાર કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ઈઝરાયેલની વધુ એક સફળતા: હમાસ સરકારના વડા રવી મુશ્તાહાનું એર સ્ટ્રાઈકમાં મોત, ૨ વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓ પણ માર્યા ગયા



ગાઝા

ઈઝરાયેલે હમાસને વધુ એક ઝટકો આપ્યો છે. ઈઝરાયેલી સૈન્યએ ગુરુવારે જાહેરાત કરી હતી કે તેણે ગાઝામાં હમાસ સરકારના વડા, રવી મુશ્તા અને બે વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓને હવાઈ હુમલામાં "માર્યા" છે. આ હવાઈ હુમલો ત્રણ મહિના પહેલા કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલી સૈન્યના જણાવ્યા અનુસાર, આ હુમલો ગાઝાના ઉત્તરમાં એક ભૂગર્ભ સંકુલ પર કરવામાં આવ્યો હતો જે કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર તરીકે કામ કરતું હતું. અહેવાલ છે કે જ્યારે હવાઈ હુમલો થયો ત્યારે મુશ્તા, કમાન્ડર સમાહ અલ-સિરાજ અને સામી ઓઈદ ત્યાં આશ્રય લઈ રહ્યા હતા. ઈઝરાયેલી સૈન્યએ કહ્યું, "મુશ્તા હમાસના સૌથી વરિષ્ઠ ઓપરેટરોમાંના એક હતા અને હમાસ દળોની તૈનાતી સંબંધિત નિર્ણયો પર તેનો સીધો પ્રભાવ હતો." સમહ અલ-સિરાજે હમાસના રાજકીય કાર્યાલય માટે સુરક્ષા પોર્ટફોલિયો સંભાળ્યો હતો.

મુશ્તા હમાસના ટોચના નેતા યાહ્યા સિનવરનો નજીકનો સહયોગી હોવાનું કહેવાય છે, જેઓ વર્તમાન યુદ્ધની શરૂઆત કરનાર ઈઝરાયેલ પર ઑક્ટોબર ૭ના હુમલાનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. સિનવાર જીવતો હોવાની અને ગાઝામાં છુપાઈ જવાની આશંકા છે. ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા અને સાત ઘાયલ થયા. આ હવાઈ હુમલાઓમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા અને ત્રણ મિસાઈલોએ લેબેનોનના દક્ષિણી ઉપનગર દહિયાહને પણ નિશાન બનાવ્યું. હિઝબોલ્લાહ લડવૈયાઓ અને ઈઝરાયેલી સૈનિકો દક્ષિણ લેબનોનમાં પરસ્પર હવાઈ હુમલામાં વ્યસ્ત છે, જ્યારે ગાઝામાં ઈઝરાયેલી લશ્કરી હુમલામાં આઠ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા હતા અને ૯૬,૭૯૪ ઘાયલ થયા હતા. જેમાંથી છેલ્લા ૨૪ કલાકમાં ૯૯ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે અને ૧૬૯ ઘાયલ થયા છે.

ઈઝરાયેલે તેની ૩૬મી ડિવિઝનમાંથી પાયદળ અને સશસ્ત્ર સૈનિકો ઉમેર્યા છે, જેમાં ગોલાની બ્રિગેડ, ૧૮૮મી આર્મર્ડ બ્રિગેડ અને ૬ઠ્ઠી પાયદળ બ્રિગેડનો સમાવેશ થાય છે. આ સૂચવે છે કે આક્રમણ મર્યાદિત કમાન્ડો દરોડાથી આગળ વધી શકે છે. ઈઝરાયેલી સૈન્યનું કહેવું છે કે તેના ગ્રાઉન્ડ આક્રમણનો મુખ્ય હેતુ હિઝબોલ્લાહ ટનલ અને સરહદ પરના અન્ય માળખાને નષ્ટ કરવાનો છે. જો કે, બેરુત અથવા દક્ષિણના મોટા શહેરો પર વ્યાપક હુમલાની કોઈ યોજના નથી. આ હોવા છતાં, ઈઝરાયેલે દક્ષિણ સરહદની આસપાસના લગભગ બે ડઝન ગામોને ખાલી કરાવવાના નવા આદેશો જારી કર્યા, અને રહેવાસીઓને ઈઝરાયેલી સરહદની ઉત્તરે લગભગ ૬૦ કિમી (૪૦ માઈલ) દૂર અવલી નદી તરફ જવા માટે કહેવામાં આવ્યું.

ઈઝરાયેલે લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર મોટા પાયે હુમલા કર્યા છે, જેમાં હવાઈ અને જમીન બંને પ્રકારની કાર્યવાહીનો સમાવેશ થાય છે. બુધવારે, ઈઝરાયેલી વાયુસેનાએ દક્ષિણ બેરૂત પર સાત મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા, જ્યાં અગાઉ હિઝબોલ્લાહનું મુખ્ય મથક હતું. ઈઝરાયેલી દળોએ વિસ્તારને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યું છે, જો કે હિઝબોલ્લાહનું મુખ્ય મથક પહેલેથી જ નાશ પામ્યું છે. આમ છતાં આ વિસ્તારમાં બોમ્બ ધડાકા ચાલુ છે.

લેબનોનમાં પણ ઈઝરાયેલનું ગ્રાઉન્ડ ઓપરેશન ઝડપથી આગળ વધી રહ્યું છે. ઈઝરાયેલના સૈનિકો સતત હિઝબુલ્લાહના સ્થાનો પર હુમલો કરી રહ્યા છે, પરંતુ આ દરમિયાન ઈઝરાયેલને ભારે નુકસાન થયું છે. દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહ સાથેની લડાઈમાં કેટલાક વરિષ્ઠ અધિકારીઓ સહિત આઠ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા છે. ઈઝરાયલ માટે આ બેવડો ફટકો સાબિત થઈ રહ્યો છે, જે તાજેતરમાં ઈરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલાનો સામનો કર્યા બાદ હવે ઈઝરાયેલને લેબનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન પોતાના સૈનિકોના મોતનો સામનો કરવો પડી રહ્યો છે, જે તેના માટે ગંભીર ફટકો છે. હિઝબુલ્લાએ ઈઝરાયેલના હુમલાનો મજબૂત પ્રતિકાર કર્યો છે. સંગઠનનો દાવો છે કે તેમણે લેબનોનના ઘણા ભાગોમાં એન્ટી-ટેક માઈન્સ બિછાવી છે, જે ઈઝરાયેલની સેના આગળ વધશે તો ગંભીર પડકાર ઊભો કરશે.

ઈઝરાયલી દળો પણ બેરૂતના દક્ષિણી ઉપનગરો પર હવાઈ હુમલા કરી રહ્યા છે.સુત્રોના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે બેરૂતના સિટી સેન્ટર નજીક એક મોટો હુમલો થયો હતો, જેમાં એક ઈમારતને નોંધપાત્ર નુકસાન થયું હતું. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે એક મોટો વિસ્ફોટ થયો, જેનો અવાજ સમગ્ર વિસ્તારમાં સંભળાયો. આ હડતાલ ઈઝરાયેલ દ્વારા હિઝબુલ્લાહના સ્થાનોને નિશાન બનાવીને જાહેર કરાયેલ લક્ષિત હવાઈ હુમલાનો એક ભાગ છે. લેબનોન-ઈઝરાયેલ બોર્ડર પર તણાવ ચરમસીમા પર છે. બંને પક્ષો વચ્ચે સતત અથડામણ થઈ રહી છે અને સ્થિતિ વધુ ગંભીર બને તેવી શક્યતા છે. હિઝબોલ્લાહ અને ઈઝરાયેલ સેના વચ્ચે ચાલી રહેલા આ સંઘર્ષમાં કોઈ પણ પક્ષ પીછેહઠ કરવા તૈયાર નથી, જેના કારણે આગામી દિવસોમાં વધુ હિંસા ફાટી નીકળે તેવી શક્યતા છે.

## ગિરનાર પર્વત ઉપર ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ૧૧ કેવીનું લોકાર્પણ થયું



જૂનાગઢ

ગિરનાર પર્વત ઉપર ૧૧કેવીનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે રાજ્યનું પ્રથમ ઊંચાઈ ઉપર સબસ્ટેશન તૈયાર થયું. ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. ઊર્જામંત્રીએ ગિરનાતર પર્વત ઉપર માતાજીની પૂજા કર્યા બાદ આર્શીવાદ લીધા. ૧૧કેવીના લોકાર્પણ પ્રસંગે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ ઉપરાંત ધારાસભ્ય સંજય કોરડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે જૂનાગઢ ગિરનાર પર્વત પર છેલ્લા ઘણા વર્ષોથી વીજ સમસ્યા અને પાણીની સમસ્યા જોવા મળતી હતી. જેના લીધે પર્વતના ધર્મસ્થાનો અને યાત્રિકો મુશ્કેલી અનુભવી રહ્યા હતા. આથી આ સંદર્ભે રાજ્ય સરકારને આ સમસ્યાની રજૂઆત કરાતા ૧૧ કેવીના કામગીરી હાથ ધરાઈ હતી. જેના બાદ રાજ્ય સરકાર દ્વારા હાલ પીજીવીસીએલ દ્વારા ૧૧ કેવીની વીજ લાઈન કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે . તેમજ રાજ્ય સરકાર દ્વારા ભવનાથથી પર્વત ઉપર પાણીની લાઈન નાખીને પૂરતા પ્રમાણ પાણી મળી રહે તેના માટે સિદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. ત્યારે ગિરનાર અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગિરી બાપુએ રાજયના મુખ્યમંત્રી અને તંત્ર પાસે એવી અપીલ બાદ વર્ષો જૂની વીજ પુરવઠાની માંગ પૂર્ણ થઈ છે. હાલ ૧૧ કેવી વીજ લાઈન કામગીરી પૂર્ણ થતા ઉર્જામંત્રી દ્વારા સબસ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું.

માતાજીના નવલા નોરતા શરુ થવાના છે તો નવરાત્રી પેહલા વીજ લાઈન કાર્યરત કરીને વીજ પુરવઠાનું વેહલી તકે લોકાર્પણ કરવામાં આવતા માતાજીનું મંદિર ઝળહળતું રહેશે અને ભક્તોને પણ સુવિધાનો લાભ મળશે.

## નવલા નોરતાના પ્રથમ દિવસે શકિતપીઠોમાં માનવ મહેરામણ, અંબાજી, પાવાગઢ હકડે ઠઠ



અમદાવાદ

નવરાત્રીનાં પ્રથમ દિવસે યાત્રાધામ અંબાજી, બહુચરાજી, ઊંઝા, કાગવડ ખાતે માતાજીનાં દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી હતી. નોરતા શરૂ થાય અને શક્તિપીઠ અંબાજીમાં ભક્તો ન ઉમટી પડે એવું તો શક્ય જ નથી. નવરાત્રીના પહેલા દિવસે જ શક્તિપીઠ મા અંબાના દર્શન કરવા શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બોલ માડી અંબેના નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું.

યાત્રાધામ અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પ્રથમ નવરાત્રીમાં અંબાનાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટ્યા હતા. માતાજીની એક ઝલક માટે ભક્તો વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહ્યા હતા. દ્વાર ખુલતા માતાજીનાં દર્શન કરવા ભક્તો દોડ્યા હતા. અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી શણહારવામાં આવ્યો હતો. માતાજીની આરતીમાં હજારો ભક્તો જોડાયા હતા.નવરાત્રીના પહેલા દિવસે જ પાવાગઢમાં માઈ ભક્તોની લાંબી કતાર જોવા મળી. નવરાત્રીને અનુલક્ષીને વહેલી સવારના ૪ વાગ્યાથી જ મંદિરના દ્વાર ખુલી ગયા હતા. ભક્તોનો ઉત્સાહ પણ એટલો હતો કે આગલી રાતથી જ સૌ કોઈ પાવાગઢ પહોંચી ગયું હતું. નિજ મંદિરથી દાદરા સુધી ભક્તોનો માનવ મહેરામણ જોઈ શકાતો હતો. મંદિર ટ્રસ્ટે પ્રસાદના વિતરણમાં પણ કોઈ કચાશ ન રહે તેની વ્યવસ્થા કરી છે અને દરરોજ ત્રણ પાળીમાં પ્રસાદ બનાવવાની કામગીરી દિવસ-રાત થઈ રહી છે. એક જ દિવસની અંદર પ્રસાદના ૩૫ થી ૪૦ હજાર પેકેટ બની રહ્યાં છે

## બરેલીમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ, ૩ના મોત, ૬ થી વધુ ઘાયલ, ૪ ઓફિસર સસ્પેન્ડ



બરેલી

બુધવારે સાંજે બરેલીમાં એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. નજીકના ૮ મકાનોને નુકસાન થયું છે. ૫ મકાનો ધરાશાયી થયા છે, ૩ના મોત નિપજ્યા છે. જ્યારે ૬થી વધુ લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટનો અવાજ લગભગ ૨ કિલોમીટર દૂર સંભળાયો હતો. માહિતી મુજબ ૪ ઓફિસરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ ઘટના બરેલીથી ૮૫ કિલોમીટર દૂર સિરૌલી વિસ્તારના કલ્યાણપુર ગામમાં બની હતી. અહીં એક ઘરમાં લગભગ ૧૦૦ કિલો ગનપાઉડર હતો અને લાયસન્સ વિના ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો. ગ્રામજનોએ તરત જ બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

એસએસપી બરેલી અનુરાગ આર્યએ કહ્યું કે ઘરમાં વિસ્ફોટના મામલામાં પોલીસની બેદરકારી સામે આવી છે. આ મામલે સિરૌલીના ઈન્સ્પેક્ટર રવિ ચૌધરીને લાઇનમાં મૂકવામાં આવ્યા છે. લાઈટ ઈન્ચાર્જ નાહર સિંહ, ટાઉન ઈન્ચાર્જ દેશરાજ સિંહ, કોન્સ્ટેબલ સુરેન્દ્ર કુમાર, કોન્સ્ટેબલ અજયને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તમામ સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવી છે. મુખ્ય આરોપી નાસિર વિરુદ્ધ પહેલાથી જ કેસ નોંધાયેલા છે.

વિસ્ફોટથી ઘરો ધરાશાયી થયા, ચીસો પડી, કલ્યાણપુર ગામમાં રહેતા રહેમાન શાહના સંબંધીઓ નાઝીમ અને નાસીર સિરૌલી માર્કેટમાં ફટાકડાનું કામ કરે છે. રહેમાન શાહ પણ પોતાના ઘરે ચોરીછૂપીથી ફટાકડા બનાવીને આપતો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે નજીકમાં રહેતા રુખસાર, ઈસરાર ખાન, બાબુ શાહ અને પીર શાહના ઘરો પણ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયા હતા. દરેકના ઘર કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. થોડી જ વારમાં બૂમો પડી ગઈ. દોઢ કલાક સુધી વિસ્ફોટો ચાલુ રહ્યા હતા . એક વિસ્ફોટ પછી પણ વિસ્ફોટો તૂટક તૂટક ચાલુ રહ્યા. આ ક્રમ દોઢ કલાક એટલે કે લગભગ ૫ વાગ્યા સુધી ચાલ્યો. બચાવ માટે આવેલા લોકોને પણ ભય હતો કે બીજો વિસ્ફોટ થાય. આથી પહેલા ફાયર બ્રિગેડે કાટમાળ પર પાણી રેડ્યું હતું. આ પછી કાટમાળ હટાવી શકાશે.

સાંકડી શેરીઓમાં ફસાયેલો કાટમાળ હટાવવા માટે જેસીબી બોલાવવામાં આવી હતી . પણ તે ગામની સાંકડી ગલીઓમાં અટવાઈ ગઈ. ત્યારબાદ અન્ય માર્ગો દ્વારા જેસીબી બોલાવવામાં આવી હતી. આ પછી જેસીબીની મદદથી કાટમાળ હટાવી શકાયો હતો. ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટના સમાચાર મળતા જ એક બાળક સહિત ૩ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા , તરત જ જીટ્ઠસ, ર્ઝ અમલા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડે તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું હતું. કાટમાળમાંથી ત્રણ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

અકસ્માતમાં એક બાળકનું પણ મોત થયું હતું, તેની ઓળખ થઈ નથી. ઘાયલોમાં ફાતિમા પત્ની નાઝીમ, સિતારા પત્ની નાસીરનો સમાવેશ થાય છે. ત્રણ ઘાયલોની ઓળખ થઈ નથી. તમામ ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા રામનગર પીએચસીમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બરેલીમાં ફટાકડાના કારખાનામાં થયેલી દુર્ઘટનાને ધ્યાને લઈને રાહત કાર્યમાં ઝડપ લાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચવા અને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને યોગ્ય સારવાર આપવા સૂચના આપી છે. તેમજ ઈજાગ્રસ્તોના જલદી સાજા થવાની પ્રાર્થના કરી હતી.

## ગુજરાત સરકારની નીટના વિદ્યાર્થીઓ માટે મોટી જાહેરાત, ૭ નવી મેડિકલ કોલેજ શરૂ થશે



ગાંધીનગર

બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજોની નીતિમાં ફેરફાર બાદ રાજ્ય સરકારે વધુ સાત જિલ્લામાં નવી મેડિકલ કોલેજો ખોલવાના દ્વાર ખોલી દીધા છે. હાલમાં પાંચ જિલ્લાઓમાં બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો જૂની પોલિસી હેઠળ કાર્યરત છે.

આ નવી તકો નીતિ સુધારાથી ઊભી થઈ છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં રાજ્યની જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરવા અને તે જિલ્લાઓમાં હોસ્પિટલ-સંલગ્ન મેડિકલ કોલેજો ખોલવાની નીતિ બનાવવામાં આવી હતી, જેના ભાગરૂપે હાલમાં પાંચ જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો કાર્યરત છે. રાજ્ય, પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારામાં કાર્યરત છે.

હવે બ્રાઉનફિલ્ડ પોલિસીમાં સુધારા સાથે બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવશે.બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજની સ્થાપના થયા પછી પણ હોસ્પિટલમાં બ્લડ બેંક ફરજિયાતપણે ચાલુ રાખવી જોઈએ અને દર્દીની જરૂરિયાત અને પ્રાથમિકતાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત મુજબ અને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તમામને મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ. નજીકની સરકારી સંસ્થાઓને પણ મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ.

## મેટ્રો વિભાગે વિશ્વાસઘાત કર્યો, વેપારીઓની દિવાળી બગડે તેવા એંધાણ, વળતરની માંગ સાથે વિરોધ પ્રદર્શન



સુરત

સુરતના ભાગળ રાજમાર્ગ વિસ્તાર પર હાલ મેટ્રોની કામગીરી ચાલી રહી છે. જે કામગીરીના કારણે અહીં આવેલા દુકાનદારોને ભારે મુશ્કેલીમાંથી પસાર થવું પડી રહ્યું છે. સતત ૧૯ માસથી આ માર્ગ મેટ્રોની કામગીરીને કારણે બંધ પડ્યો છે. અગાઉ મેટ્રોના અધિકારીઓ દ્વારા ૧૦ માસની અંદર કામગીરી પૂર્ણ કરી રસ્તો ખુલ્લો કરી આપવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

મેટ્રો દ્વારા અસરગ્રસ્ત દુકાનદારો સાથે ૧૦ માસનો કરાર કરી વળતર ચૂકવવામાં આવી રહ્યું હતું. પરંતુ ત્યારબાદ મેટ્રોની કામગીરી હજી સુધી પૂર્ણ કરવામાં આવી નથી. એક તરફ દિવાળીનો તહેવાર નજીક છે અને બીજી તરફ અહીં આવેલ દુકાનદારોને ધંધા-વેપાર પણ ઠપ છે. જે કરાર કરવામાં આવ્યો હતો, તે પણ હાલ પૂર્ણ થઈ ચૂક્યો છે. જે કરાર પૂર્ણ થયા બાદ મેટ્રોના અધિકારીઓ દ્વારા વળતર આપવાનું પણ બંધ કરી દેવામાં આવ્યું છે. જેથી અસરગ્રસ્ત દુકાનદારો દ્વારા આજરોજ મોરચો માંડી મેટ્રોના અધિકારીઓ પ્રત્યે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અસરગ્રસ્ત દુકાનદારોએ હાથમાં પ્લે કાર્ડ સાથે મેટ્રોના અધિકારીઓ સામે દેખાવ કર્યો હતો.

અસરગ્રસ્ત દુકાનદારોએ જણાવ્યું હતું કે, અગાઉ ૧૦ માસની અંદર આ કામગીરી પૂર્ણ કરવાની ખાતરી મેટ્રો દ્વારા આપવામાં આવી હતી. જે માટે અસરગ્રસ્ત દુકાનદારો સાથે ૧૦ માસનો કરાર કરી હમણાં સુધી વળતર ચૂકવવામાં આવેલી હતું. પરંતુ આ ૧૦ માસ જેટલો સમયગાળો પૂર્ણ થયા બાદ પણ કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. ત્યારબાદ વધુ બે મહિનાનો સમય માંગવામાં આવ્યો હતો. જે સમય પૂર્ણ થયાને આજે ૧૯ માસ જેટલો સમયગાળો પૂર્ણ થઈ ચૂક્યો છે.

તહેવારો નજીક છે અને રસ્તો બંધ હોવાથી દુકાનદારોના ધંધા-વેપાર પણ ઠપ થઈ ચૂક્યા છે. આવી સ્થિતિમાં વેપારીઓ ભારે મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છે. મેટ્રોના અધિકારીઓ દ્વારા પણ વળતર આપવાનું બંધ કરી દેવાયું છે. જેથી અસરગ્રસ્ત દુકાનદારોને વળતર ચૂકવવામાં આવે અને કામગીરી તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવામાં આવે તેવી સૌ કોઈ અસરગ્રસ્ત દુકાનદારોની માંગ છે.

## આ વર્ષે ચોમાસુ પુષ્કળ વરસાદ લાવ્યું છે. આ વર્ષે ૮ ટકા સુધીનો વધારો જોવા મળ્યો



નવીદિલ્હી,

આ વર્ષે ચોમાસાએ સમગ્ર દેશને ભીંજવ્યો હતો. સમગ્ર દેશને ભીંજવ્યા બાદ હવે ચોમાસું પાછું ખેંચી ગયું છે. આ શ્રેણીમાં આ વર્ષે ૮ ટકા વધુ વરસાદ જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૦ પછી પહેલીવાર આવું જોવા મળ્યું છે જ્યારે ૧૦૮ ટકા સુધી વરસાદ થયો છે. ચોમાસાના આગમન પહેલા જ હવામાન વિભાગે આગાહી કરી હતી કે આ વર્ષે ચોમાસાની સિઝનમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ આ વર્ષે વરસાદ જોવા મળ્યો છે. આ વર્ષે સારા વરસાદને કારણે ખરીફ પાકની ખેતી કરતા ખેડૂતોને તેનો ફાયદો થશે. આ કારણથી તેનો ફાયદો કૃષિ ક્ષેત્રમાં જોવા મળશે.

બેંક ઓફ બરોડાએ તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે સામાન્ય કરતાં વધુ વરસાદને કારણે માત્ર ખરીફ પાકને જ ફાયદો નથી થતો પરંતુ આગામી રવિ પાકને પણ તેટલો જ ફાયદો થાય છે. તમને જણાવી દઈએ કે પરંપરાગત રીતે ભારતમાં ખરીફ સિઝનમાં કરવામાં આવતી ખેતી ચોમાસાના વરસાદ પર આધારિત છે. વરસાદને કારણે સિંચાઈ સરળ બને છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ખરીફ પાક ૧,૦૮૮.૨૫ લાખ હેક્ટર જમીન પર ઉગાડવામાં આવ્યો હતો. જ્યારે આ વર્ષે ૧,૧૦૮.૫૭ લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. તેવી જ રીતે, ખરીફ વાવેતર દર વર્ષે ૧.૯ ટકાના દરે વધી રહ્યું છે.

તમને જણાવી દઈએ કે ભારતમાં ખેતીની ત્રણ સિઝન છે. ઉનાળો, ખરીફ અને રવિ. ચોમાસાના વરસાદના આધારે ખરીફ વાવેતર જૂન અને જુલાઈમાં થાય છે. જેની લણણી ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં થાય છે. જ્યારે રવિ પાકનું વાવેતર ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં કરવામાં આવે છે, જેની લણણી જાન્યુઆરી મહિનામાં થાય છે. જ્યારે ઉનાળુ પાક રવિ અને ખરીબ ઋતુ વચ્ચેના સમયગાળામાં ઉગાડવામાં આવે છે અને લણવામાં આવે છે. કઠોળ, બરછટ અનાજ, શેરડી અને તેલીબિયાંની ખેતીમાં વર્ષે વધારો થઈ રહ્યો છે, જેના કારણે આગામી દિવસોમાં બજારમાં અનાજના વધતા ભાવને અંકુશમાં લઈ શકાશે.

## અમદાવાદમાં સીજીએસટી ઈન્સ્પેક્ટર ૧૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

અમદાવાદ

અમદાવાદમાં ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા સીજીએસટી ઈન્સ્પેક્ટરની એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)એ ધરપકડ કરી છે. આ કેસની વિગત મુજબ ફરિયાદી તેમની માતાના નામે હાઉસ કિપીંગ એજન્સી ચલાવતા હતા. જેમાં તેમણે ૨૦૧૪ થી ૨૦૧૭ નો સર્વિસ ટેક્સ ન ભરતા સીજીએસટી વિભાગ દ્વારા ફરિયાદીની માતાનું એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યું હતું. આથી ફરિયાદી અપીલમાં ગયા હતા.જેમાં એક્લોઝમેન્ટ નંબર મળ્યા બાદ એકાઉન્ટ અનફ્રીઝ અંગેની કાર્યવાહી થાય તેમ હતું. આથી ફરિયાદીએ એક્લોઝમેન્ટ નંબર મેળવવા માટે આંબાવાડી સીજીએસટી ભવન ખાતે ફરજ બજાવતા સીજીએસટી ઈન્સ્પેક્ટર ઘનશ્યામ આર. ધોલપુરીયાએ એક્લોઝમેન્ટ નંબર આપવા માટે ફરિયાદી પાસે રૂ.૧૦,૦૦૦ ની લાંચ માંગી હતી. બીજીતરફ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ કરી હતી. જેને આધારે એસીબીના અધિકારીઓ ચાંદખેડામાં એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે જાળ બિછાવીને રૂ.૧૦,૦૦૦ ની લાંચ લેતા ઘનશ્યામ ધોલપુરીયાની રંગેહાથ ધરપકડ કરી હતી.

## કરોડોની ઉચાપતના આરોપી ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટનને ઈડીએ સમન્સ પાઠવ્યું

હૈદરાબાદ

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીન હૈદરાબાદ ક્રિકેટ બોર્ડના ભ્રષ્ટાચારના કેસમાં ફસાઈ ગયા છે. ઈડીએ તેમને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે. અઝહરુદ્દીન પર હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં ફંડનો દુરુપયોગ કરવાનો આરોપ છે. મળતી માહિતી મુજબ આ મામલો ૨૦ કરોડ રૂપિયાની ઉચાપતનો કહેવાય છે.હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં નાણાકીય અનિયમિતતાનો મામલો સામે આવ્યો હતો. જે બાદ ઈડી એચસીએ અધિકારીઓ સામે કાર્યવાહી કરતી જોવા મળી હતી. ઈડીએ ગુરુવારે પૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસ નેતા મોહમ્મદ અઝહરુદ્દીનને એચસીએ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સમન્સ પાઠવ્યું હતું. ઈડીએ કુલ ૯ જગ્યાએ દરોડા પાડ્યા હતા.અઝહરુદ્દીને એચસીએમાં ચેરમેન પદ સંભાળ્યું છે. મળતી માહિતી મુજબ, તેમના કાર્યકાળ દરમિયાન તેમની વિરુદ્ધ લગભગ ૨૦ કરોડ રૂપિયાની ઉચાપતનો મામલો સામે આવ્યો છે. ઈઙ્ઘ દ્વારા કોંગ્રેસ નેતાને જારી કરવામાં આવેલ આ પહેલું સમન્સ છે, જે અંતર્ગત તેમણે આજે તપાસ એજન્સી સમક્ષ હાજર થવાનું છે.પૂર્વ કેપ્ટન પર હૈદરાબાદના ઉપ્પલમાં રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમ માટે ડીઝલ જનરેટર, અગ્નિશમન પ્રણાલી અને કેનોપીની ખરીદી માટે ફાળવવામાં આવેલા ૨૦ કરોડ રૂપિયાના કથિત દુરુપયોગનો આરોપ છે. અઝહરે પોતાના પર લાગેલા આ આરોપોને નકારી કાઢ્યા છે. હવે જોવાનું એ રહેશે કે તપાસ દરમિયાન ઈઙ્ઘને નક્કર માહિતી મળે છે કે નહીં.

# મહીસાગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪ ઓકટોબર ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે

મહિસાગર,

મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે માન.મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થયો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકા માટે ઓકટોબર –૨૦૨૪નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૧૦/૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૧૦/૨૦૨૪ ને ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે ઓકટોબર –૨૦૨૪માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ –૧ કક્ષાના અધિકારીઓ સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે, ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/ રજુઆત અંગેની અરજી ‘‘મારી અરજી તાલુકા અથવા જિલ્લા સ્વાગતમાં લેવી‘‘ તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/ મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૧૦/૨૦૨૪ સુધીમાં મળેલ અરજીને તાલુકા તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે. જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત / અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.તેમ નિવાસી અધિક કલેકટરશ્રી મહિસાગર–લુણાવાડા ની અખબારી યાદીમા જણાવેલ છે.

# બાલાસિનોર તાલુકામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સરસ્વતી હાઈસ્કૂલ જોરાપુરા ખાતે યોજાયું હતું આ પ્રદર્શનમાં પ્રાથમિક શાળાની ૬૫ કૃતિઓ અને માધ્યમિક શાળાની ૩૫ કૃતિઓ રજૂકરવામાં આવી હતી જેમાં ૧૩૨ પ્રાથમિક શાળાઓમાંથી ૭૬૩૨ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું આ કાર્યક્રમમાં ધારાસભ્ય માનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક,પિનાકીન શુક્લા,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અવનીબા મોરી સહિત શિક્ષણવિભાગના આગેવાનો,રાજ્ય પ્રતિનિધિ નીમેશભાઈ સેવક બી.આર.સી હિતેશભાઈ ઉપાધ્યાય સહિત ભારે સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લામાં ૨૩ ઓક્ટોબરના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

ખેડા,

ખેડા જિલ્લામાં તા.૨૩/૧૦/૨૦૨૪ને બુધવારના રોજ વર્ગ–૧,૨ ના નોડલ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને સંબધિત મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા.૧૦/૧૦/૨૦૨૪ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી, નડીઆદ(શહેર / ગ્રામ્ય) / ખેડા / કપડવંજ / મહેમદાવાદ / ઠાસરા / મહુધા / કઠલાલ / માતર / વસો /ગળતેશ્વરની કચેરીઓમાં ત્રણ નકલમાં સુવાચ્ય અક્ષરોમાં, એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. તેમજ ગ્રામ્ય કક્ષાએ સંબંધિત કચેરી ખાતે પહેલા રજુઆત કરેલી હોવી જોઈએ અથવા પ્રશ્ન તાલુકા કક્ષાનો હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજુ કરી શકશે નહી. તેમજ એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે આધાર પુરાવા સહિત કરેલ અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવામાં આવશે. અરજીના મથાળે ‘‘તાલુકા સ્વાગત કાર્યક્રમ‘‘ લખવાનું રહેશે. તેમજ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર ફરજિયાત પણે દર્શાવવાનો રહેશે. પોસ્ટ કાર્ડ કે આંતરદેશિય પત્રો વિગેરે ઉપર કરેલ અરજી કરી શકશે નહી. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહી.આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે. (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમ, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા જન સંપર્ક અધિકારી, ખેડા–નડિયાદની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# ખેડા જિલ્લામાં ૨૪ ઓક્ટોબરના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

ખેડા,

ગુજરાત સરકાર તરફથી જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૧૦/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટર કચેરી, મિટીંગ હોલ, નડીઆદ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા.૧૦/૧૦/૨૦૨૪ સુધીમાં અત્રેની કચેરીને ત્રણ નકલમાં, સુવાચ્ય અક્ષરોમાં એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. તા.૧૦/૧૦/૨૦૨૪ પછીથી મળેલ અરજીઓ આ મહીનાના લોક ફરીયાદ કાર્યક્રમમાં ચર્ચા માટે લેવામાં આવશે નહિ. અરજદારે પ્રશ્નની રજુઆત સંબંધિત કચેરીને કરેલ હોવી જોઈએ તેમજ પ્રશ્નની રજુઆત સંબંધિત તાલુકા કક્ષાએ ‘‘તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલ હોવી જોઈએ અને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી આધાર–પુરાવા સહિત કરેલ રજુઆત જિલ્લા લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજુ કરી શકશે નહી. તેમજ એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે અરજીના મથાળે ‘‘જિલ્લા સ્વાગત કાર્યક્રમ‘‘ ખાસ લખવાનું રહેશે. લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહી તેમજ અરજદારે પોતાનું પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર ફરજિયાત પણે દર્શાવી સહી સાથે અરજી કરવાની રહેશે. નામ, સરનામા તથા સહી વગરની તેમજ વ્યકિતગત આક્ષેપોવાળી અરજી તથા પોસ્ટ કાર્ડ કે આંતરદેશીય પત્રો વગેરે ઉપર કરેલ અરજીનો સમાવેશ કરવામાં આવશે નહી.આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમ, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારી, ખેડા–નડિયાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# એન.ડી.દેસાઈ યુનિવર્સિટી નડિયાદ ખાતે નશાબંધી સપ્તાહ ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો



નડિયાદ,

ડો.એન ડી દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ,ધર્મસિહ દેસાઇ યુનિવર્સિટી,નડીયાદ ખાતે નશાબંધી સપ્તાહ ઉદઘાટન સમારોહ યોજાયો. જેમાં નશાબંધી વિષય ઉપર સમજણ આપવામાં આવી હતી.જેમાં ડો.કિંજલબેન વસાવા, આ.પ્રોફેસર્સ ડો.એન ડી દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ,ધર્મસિહ દેસાઇ યુનિવર્સિટી,નડીયાદ દ્વારા એડિક્શન વિષય પર વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યુ. નશાના કારણો, અસરો, નિદાન, નશાનું વિષચક્ર, સારવાર વગેરે બાબતે ઉદાહરણ સહિત ચર્ચા કરવામાં આવી ચર્ચાના અંતે પ્રશ્નોતરી મારફત સંશય સ્પષ્ટ કરવામાં આવ્યા. આ પ્રસંગે અધિક્ષક,નશાબંધી અને આબકારી,નડીયાદ, સુએસ કે.દવેએ જણાવ્યુ હતુ કે મહાત્મા ગાંધીજીના વિચારોના અમલીકરણના ભાગરૂપે ગુજરાત રાજ્યના સ્થાપના કાળથી સંપુર્ણ નશાબંધી નીતિ અમલી છે. તેમણે નશાબંધી અમલીકરણ થી આર્થીક, સામાજિક, વૈયક્તિક, શૈક્ષણીક એમ દરેક ક્ષેત્રે સ્પષ્ટ લાભની વાત રજૂ કરી હતી.વધુમાં, કાર્યક્રમ અંતર્ગત નશીલા પદાર્થોની બદિને રાજ્યમાંથી નામશેષ કરવા લોકો આ ઝુંબેશમાં સહયોગ આપવા તથા રાજ્યની નશાબંધી નીતિના અમલ માટે મક્કમ અને અડગ રહીને નશા વિરોધી અભિયાનમાં સૌને ઉત્સાહ ભેર જોડાવા અને નશાની બદીથી દૂર રહેવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નડીયાદ નશાબંધી અમલિકરણ સમિતિના સભ્યશ્રી ક્રિષ્ણાબેન પટેલ, યુનિવર્સિટિના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ,નશાબંધી અને આબકારીના અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહેલ હતા.

# આણંદ જિલ્લાની શાળા-કોલેજની વિદ્યાર્થીનીઓ પીપળાતા ગામની પ્રાકૃતિક ખેતીની મુલાકાતે આવ્યા



ખેડા,

આજે પ્રાકૃતિક કૃષિએ ફક્ત ખેડુતો પુરતો સમિત વિષય નથી. સમાજના તમામ ક્ષેત્રના બુદ્ધિજીવીઓ પણ નજીકના ભવિષ્યમાં ટકાઉ જીવનનાં પાયામાં પ્રાકૃતિક કૃષિની અનિવાર્યતાને સમજી રહ્યા છે. ગ્રામિણ સ્તર થી લઈને મોટા શહેરોમાં પણ પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે શિક્ષણ જગતની તો જવાબદારી છે કે પ્રાકૃતિક ખેતી જેવા સમાજઉપયોગી વિષયની સરળ સમજૂતી નવી પેઢીના યુવાનોમાં આપે.

ખેડા જિલ્લામાં અનેક સાહસિક ખેડુતો છેલ્લા કેટલાય વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરીને સમાજ માટે પ્રેરણારૂપ કામગીરી કરી રહ્યા છે. ત્યારે નડિયાદના પીપળાતા ગામના પ્રાકૃતિક ખેડુતશ્રી અરૂણભાઈ શાહની સફળ પ્રાકૃતિક ખેતીથી પ્રભાવિત થઈને આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં પેથોલોજી વિષયમા અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તથા પેટલાદના મરિયમપુરા શાળાની વિદ્યાર્થીઓએ શ્રી અરૂણભાઈના પીપળાતા ખાતે આવેલ ‘‘સંજીવની પ્રાકૃતિક કૃષિ ફાર્મ ની મુલાકાત લીધી હતી. આ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતીથી તૈયાર કરેલ વિવિધ પ્રકારના ડાંગરના પાકનું નિરક્ષણ કર્યુ હતુ. વધુમાં આ વિદ્યાર્થીનીઓએ જીવામૃત અને અગ્નીઅસ્ત્ર સહિતના બીજા આયામો અને બાયો પેસ્ટીસાઈડસની સમજણ પણ કેળવી હતી.

# અમુલ ફીડ પ્લાન્ટ કાપડીવાવ ખાતે નશાબંધી પ્રચાર-પ્રસાર કાર્યક્રમનું શ્રમિક સંમેલન યોજાયુ



કપડવંજના અમુલ કેટલ ફીડ પ્લાન્ટ, કાપડીવાવ ખાતે નશાબંધી પ્રચાર–પ્રસાર કાર્યક્રમ અંતર્ગત શ્રમિક સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા શ્રમિકો દ્વારા વ્યસન મુકિતની સમજ આપતા પોસ્ટર્સ બનાવવામા આવેલ. જેમા પ્રથમ અને દ્વીતીય સ્થાને રહેલા વિજેતાને તથા ભાગ લેનાર તમામ કર્મચારીઓને ઇનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં મિયાવાકી પ્લાન્ટેશન સાઈટ પર વૃક્ષારોપણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે વ્યસનથી મુક્ત રહેવાનો સંકલ્પ લેવડાવામાં આવ્યો હતો.આ પ્રસંગે અધીક્ષકશ્રી નશાબંધી અને આબકારી દ્વારાદારૂના સેવન અને અન્ય કુટેવોથી થતા નુકશાન સામે શ્રમિકોને જાગૃત કરવામાં આવ્યા હતા તથા યુવાનોને વ્યસનથી દુર રહેવા અપીલ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી અધીક્ષક સુ.શ્રી શ્રૃતિબેન દવે, નિરીક્ષક મનોજકુમાર મસ્કે તથા જમાદાર સુ.શ્રી હેતલબેન દેસાઇ, ફેકટરી મેનેજર રાજુભાઇ જૈન તથા આસીસ્ટન્ટ મેનેજર જીતેન્દ્રભાઇ પરમાર હાજર રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં વાહનચાલકની ગફલતના કારણે બે ના જીવ ગયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક ૧૪ વર્ષિય બાળક સહિત બેના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના રોઝમ ગામે બસ સ્ટેશનની સામેથી પસાર થતાં ઈન્દોર–અમદાવાદ હાઈવે પર પર બનાવ પામ્યો હતો જેમાં ગત તા.૦૨ ઓકટોમ્બરના રોજ એક અજાણ્યા ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા ૧૪ વર્ષિય ઉમેશભાઈ બચુભાઈ હઠીલાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ઉમેશભાઈ જમીન પર ફંગોળાયા હતા જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે બચુભાઈ વીછીયાભાઈ હઠીલાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં કતવારા ખાતે પાંચ ઓકટોબરે સેવાસેતુ યોજાશે

દાહોદ,

પારદર્શી પ્રશાસન માટે કટિબદ્ધ વહીવટી તંત્ર દ્વારા પ્રજાની લાગણી, માંગણી, અપેક્ષા પૂર્ણ કરવા તથા સરકારશ્રીની યોજનાઓના લાભ અને સહાયતા અંગેની નાગરીકોની વ્યક્તિગત રજુઆતોના સ્થળ ઉપર જ ઉકેલ માટે સેવા સેતુ કાર્યક્રમ (દસમો તબક્કો) ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ તા. ૦૫–૧૦–૨૦૨૪, શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૫ કલાક સુધી મુખ્ય પ્રાથમિક શાળા, કતવારા ખાતે યોજવામા આવશે.

આ કાર્યક્રમમાં સમાવિષ્ટ ગામો જેવા કે, આગાવાડા, દશલા, નાની લછેલી, કતવારા, ભુટોડી, મોટી લછેલી, સીમલીયા ખુર્દ, વાંકીયા, ખાપરીયા, કોટડા ખુર્દ, કરમચંદનું ખેડુ, બોરડી ઇનામી, બોરડી ખુર્દ, લીલર, બોરખેડા, ધામરડા, માંડાવાવ, ચંદવાણા ગમલા, મોટી ખરજ, નાની ખરજ, બ્રહ્મખેડા, નગરાળા, નસીરપુર નીમનનળીયા, પુંસરી, મુવાલીયા, રાબડાળ, જેકોટ, રોઝમ રામપુરા, કાળીતળાઈ, વિજાગઢ, ગડોઇ, બાવકા, ચાંદાવાડા, જાલત ના લોકોને સ્થળ પર જ સહાય આપવામા આવશે.

સ્થળ ઉપર ઉપલબ્ધ વિવિધ સેવાઓ જેવી કે, આવક જાતિના દાખલા, રેશનકાર્ડમાં નામ દાખલ, નામ કમી, નામ સુધારો તથા E–KYC ની કામગીરી, આધારકાર્ડને લગતી તમામ કામગીરી, પી.એમ.જે. માં અરજી, મફત હેલ્થ ચેક–અપ, કૃષિ, પંચાયત, પશુપાલન, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ, બસ કન્સેશન પાસ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ–વય વંદના–સંકટ મોચન સહાય યોજના, નવિન વારસાઇ અરજીઓ તથા ૭/૧૨, ૮અ ની નકલ, જન્મ–મરણ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી અને મિલ્કત આકારણીના ઉતારા, ઘરેલું નવા વીજ જોડાણ, બેન્કીંગને લગતી સેવાઓ, પી.એમ. સન્માનવિધિ લાભાર્થીનું ઇ કેવાયસી જેવી અનેકો યોજનાઓના લાભ આપવામા આવશે.

# ગોધરા મેશરી નદી કિનારે નવા બહારપુરામાં બાઈક મુકવા બાબતે તલવારથી હુમલો કરી મોત નીપજાવવાના ગુનામાં આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા મેસરી નદીના કિનારે બહારપુરામાં બાઈક મુકવા બાબતે બોલાચાલીમાં તલવારથી હુમલો કરી મોત નીપજાવવાના ગુનામાં આરોપી રેગ્યુલર જામીન અરજી મુકતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી. ગોધરા મેસરી નદીના કિનારે નવા બહારપુરામાં આરોપી સુલેમાન ઉર્ફે સુલીયા ધમેલી અ.રહેમાન બદામએ રસ્તા ઉપર ગાડી મુકેલ હોય આ બાબતે સિયાન અને તેના ભાઈ ચાહીન તેના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સુલામ ઉર્ફે સુલીયો ધમેલી અબ્દુલ રહીમ બદામ, ઈલ્યાસ યાકુબ ઈતરા ઉર્ફે(બિલ્લો), સલીમ અબ્દુલ હકીમ દડી એ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કર્યો હતો. ઈલ્યાસ યાકુબ ઈતરા ઉર્ફે બિલ્લા એ મરણ જનારને માથાના ભાગે તલવાર વડે ઈજાઓ પહોંચાડી હતી. જેથી યાસીર ઉર્ફે યાસીન યુસુબખાન પઠાણનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. આ ગુનામાં આરોપીને ઝડપી જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. આરોપી સુલેમાન ઉર્ફે સુલીયો અબ્દુલ રહીમ ધમેલી બદામ એ રેગ્યુલર જામીન માટે જિલ્લા મુખ્ય સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં અરજી મુકેલ હોય આ રેગ્યુલર જામીન અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર આરોપીને લઈને વિગતવાર દલીલો રજુ કરતા નામદાર કોર્ટ દ્વારા દલીલોને ગ્રાહ્ય રાખીને જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લામાંથી પ્રોહિબિશનના બે ગુનામાં ૨૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ પોલીસે પકડી બે ઈસમોની અટકાયત કરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં પ્રોહીબીશનના બનેલા બે બનાવોમાં પોલીસે રૂા.૨૭,૭૭,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે બે વાહનો મળી કુલ રૂા.૨૯,૮૨,૦૪૦ના જથ્થા સાથે બે ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના ભીટોડી ગામે પંચાયત સામેથી પસાર થતાં ઈન્દોર–અમદાવાદ હાઈવે પર બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૨ ઓક્ટોમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ઉપરોક્ત હાઈવે પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે બાતમીમાં દર્શાવિલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી ત્યારે ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે પોલીસે ગાડીના ચાલક ભરતભાઈ ગુલસિંગભાઈ રાઠવા (રહે. રોડદા, સુથારી ફળિયું, તા. ક્વાંટ, જિ. છોટાઉદેપુર, હાલ રહે. જુનાગઢ ખલીલપુર રોડ રેતીવીલા, જિ.જુનાગઢ) ની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે તેના કબજાની ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂની નાની મોટી કુલ બોટલો નંગ.૩૭૨ કિંમત રૂા.૨,૬૫,૭૪૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪,૭૦,૭૪૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ ગાડીના ચાલકની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો ઈન્દોર દેવાસ ઠેકાનો માણસ ભાટીભાઈએ ભરી આપ્યો હતો અને આ વિદેશી દારૂનો જથ્થો રાહુલભાઈ કેસુભાઈ આડોદરા (રહે.જુનાગઢ) એ મંગાવ્યો હોવાનું જાણવા આ સંબંધે કતવારા પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહીબીશનનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૧ ઓક્ટોમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવિલ એક કન્ટેઈનર ગાડી ત્યાંથી પસાર થઈ હતી ત્યારે કન્ટેઈનર ગાડી નજીક આવતાંની સાથે પોલીસે તેનેઉ ઉભી રખાવી ગાડીના ચાલક રમેશકુમાર માનારામ જાટ (રહે. રાજસ્થાન) ની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે તેના કબજાની કન્ટેઈનર ગાડીની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. કન્ટેઈનર ગાડીમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૫૫૪૪ કિંમત રૂા.૨૫,૧૧,૩૦૦ના પ્રોહી જથ્થા સાથે પોલીસે કન્ટેઈનરની કિંમત મળી કુલ રૂા.૪૦,૨૧,૩૦૦ ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલકની અટકાયત કરી આ સંબંધે પીપલોદ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



એનએસએસ કાર્યક્રમ અંતર્ગત એમજીએસ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઝંડ હનુમાન ખાતે સ્વચ્છતા અભિયાન યોજયું.કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલીત ધી એમ જીએસ હાઈસ્કુલ ના ધો ૧૧ સામાન્ય પ્રવાહ ના વિદ્યાર્થિઓ એ સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાંબુઘોડા ઝંડ હનુમાનજીના મંદિરે એક દિવસીય શીબીર યોજી હતી

# આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે. આવક વધશે

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

# દાહોદ પોલીસે ૧૨ દિવસમાં માસુમ બાળકીની હત્યા કેસમાં ૧૭૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તોયણી પ્રાથમીક શાળામાં માસુમ ૦૬ વર્ષિય બાળકીની હત્યા મામલે પોલીસે ૧૭૦૦ પાનાની મજબુત ચાર્જસીટ નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવી છે. આ તપાસમાં ૩૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અલગ અલગ કાર્યોમાં જોડાઈ આ કેસમાં વિશેષ ધ્યાન આપી કામગીરી કરી રહ્યાં છે. ત્યારે આરોપી ગોવિંદ નટ સામે હત્યાના ગુનાની સાથે સાથે મૃત્યુદંડની જોગવાઈની કલમો સહિત કલમો ચાર્જસીટમાં કરવામાં આવી છે.

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તોયણી ગામે માસુમ ૦૬ વર્ષિય બાળકીનો હત્યાના પ્રકરણમાં પોલીસે આરોપી ગોવિંદ નટની અટકાયત કરવામાં આવી હતી. આ પ્રકરણમાં દાહોદ જિલ્લા પોલીસ દ્વારા યોગ્ય તપાસ થાય, ઉંડાણપુર્વક તપાસ થાય અને સમયસર તપાસ પુર્ણ થાય તે માટે એક ટીમની રચના કરવામાં આવી હતી જેમાં ચાર ડીવાયએસપી, ચાર પોલીસ ઈન્સ્પેકટરો અને બે પીએસઆઈ સામેલ હતાં. આ ટીમનું નેતૃત્વ ડીવાયએસપી વ્યાસ લીમખેડા અને ઈન્વેટીગેશન ઓફિસર તરીકે નરેન્દ્ર ચૌધરી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ પોલીસ ઉપરાંત ૩૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ પણ અલગ અલગ કાર્યો



અને અલગ અલગ રીતે જોડાયેલ હતી. અને ૧૨ દિવસની મર્યાદામાં ૧૭૦૦ની પાનાની મજબુત ચાર્જસીટ નામદાર કોર્ટમાં કરી દેવામાં આવી છે. આ ચાર્જસીટમાં તમામ બાબતો તમામ અલગ અલગ કાર્યોનો અભ્યાસનો અભ્યાસ કરી વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરી સામેલ કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે બે એનાલીસીસી અગત્યના છે. જે સ્કીન એફેડનના ક્લીયરમાં એથેરીયલ સેલ્સનું ગાંધીનગર લેબમાં કરવામાં આવ્યું છે. આ ડીપમાં ડીપ જે એનાલીસ છે તે કરવામાં આવ્યું છે. તે ઉપરાંત જે ક્રાઈમ સીન છે તે સાઈકોલોજી એનાલીસીસી પણ કરવામાં આવ્યું છે જેમાં ડ્રોનથી આખા એરીયાની વિડીયોગ્રાફી, આરોપીનાના વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટો વિગેરે તમામને સંકલીત કરી ગાંધીનગર ફોરેન્સીક લેબ દ્વારા ક્રાઈમ સીન સાઈકોલોજી રિપોર્ટ અને ક્રિમીનલ રિપોર્ટ પુરો પાડવામાં આવ્યો છે. જેમાં આ તપાસ દરમ્યાન ૧૫૦થી વધુ સાહેબોને ચકાસવામાં આવ્યાં છે. રાજ્ય સરકારની મંજુરીથી સ્પેશીયલ પબ્લીક પ્રોસ્ક્યુટીર તરીકે અમીતભાઈ નાયકની નિમણુંક પણ કરવામાં આવી છે. આ ઉપરાંત આ તપાસ દરમ્યાન ડીજીટલ એવીડન્સીસ, ડીએનએ ફોરેન્સીક, ફોરેન્સીક બાયોલોજી, ફોરેન્સીક કેમેસ્ટ્રી અને તેમાંનું ફોરેન્સીક ટેકસોલોજી, ફોરેન્સીક વ્હીકલ એનાલીસીસી, ક્રાઈમ સીન સાઈકોલોજીકલ ફોરેન્સીક એનાલીસીસ, વોઈસ સ્પેક્ટોગ્રાફી આમ તમામ વિજ્ઞાનના જેટલા પણ ફોરેન્સીકના પહેલુઓ છે તે તમામનો આ તપાસમાં સમાવેશ કરી આ તપાસ પુર્ણ કરી ચાર્જસીટ કરવામાં આવી છે. આ ચાર્જસીટમાં હત્યાની કલમ ઉપરાંત મૃત્યુદંડની જોગવાઈની કલમ, પોક્સો એક્ટની કલમ સહિતની ચાર્જસીટ કરવામાં આવી છે.

## દે.બારીઆ પાલિકા દ્વારા લારી-ગલ્લા, કેબિનો એક રોડના દુર કરી પાલિકા તંત્ર પોતાની પીઠ થાબડે છે કે શુ...?



દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકાના તંત્ર દ્વારા લાંબા સમય બાદ એ પણ નવ નોરતા અને દસમો દશેરાના મેળાના સમયે જ નાના વેપારીઓ બે ટંકનો રોટલો ખાવા માટે તનતોડ મહેનત આ સમયમાં કરતા હોય છે. મેળામાં કમાઈને પોતાના જીવન નિર્વાહમાં અનુકુળતા આવશે ત્યારે પાલિકા દ્વારા લારી ગલ્લા તથા કેબિનો દુર કરી વેપારીઓની આશા ઉપર પાણી ફેરવી નાંખ્યુ છે.નાના વેપારીઓના સ્ત્રી તથા બાળકોને રોડ ઉપર લાવી દીધા છે. ગતિશીલ અને સંવેદનશીલ સરકારના માન્ય ગૃહમંત્રીના કહેવા મુજબ મોડી રાત સુધી ખાણા પીણાના વેપારીઓને રોજગાર મળી રહેશે એટલે દિવસમાં રોજીરોટી છીનવવાના પ્રયાસો થયા છે. આ રોડ ઉપર શ્રી સરકારની જમીનમાં ૬૫ જેટલી બે માળમાં ગેરકાનુની રીતે દબાણ કરીને બાંધકામ કર્યુ છે. તેને તોડી પાડવાનો અનેક વખત લેખિત આદેશ થયા હોવા છતાં તેને દુર કરવામાં આવતા નથી. તેના પાછળ કોણ જવાબદાર છે. આ ૬૫ દુકાનો ગેરકાનુની છે. તેની પીટીશન ગાંધીનગર દાખલ થઈ છે. પીટીશન દાખલ કરનાર વ્યક્તિ રજુઆતો કરી હોવા છતાં પાલિકાનુ અને જિલ્લાનુ વહીવટી તંત્રમાં ગેરકાનુની બાંધકામ કરેલ દબાણ દુર કરવામાં કેમ પાછી પાણી કરી છે તે મોટો સવાલ ઉપસ્થિત થાય છે. શુ દશેરા પહેલા અત્ય રોડ જેવા સમડી સર્કલ, સ્ટેશન રોડ, કન્યા શાળા, રોડના દબાણો દુર કરવાની તસ્દી લેશે તે આવનારો સમય જ બતાવશે.

## ગરબાડાના જેસાવાડા પોલીસ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં નાઈટ વિઝન ડ્રોન કેમેરાથી પેટ્રોલિંગ કર્યુ



ગરબાડા,

ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા અંતરિયાળ વિસ્તારોમાં જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ એન.એમ રામીના માર્ગદર્શન હેઠળ પોલીસે નાઈટ વિઝન ડ્રોન કેમેરાથી પેટ્રોલિંગ કર્યું હતું આ નાઈટ ડ્રોન કેમેરાની મદદથી પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપી વોન્ટેડ તેમજ રીઢા આરોપીઓ, રાત્રિ દરમિયાન ચોરી કરવા આવેલા અજાણ્યા ઈસમો, વિસ્તારોમાં જે ચોરી તેમજ લૂંટફાટ ની ઘટના બને છે તેને ડામી અને ડ્રોન કેમેરાથી પેટ્રોલિંગ કરી આરોપીને ઝડપી પાડવા માટેની તજવીત હાથ ધરી છે તેમજ આજથી શરૂ થતી નવરાત્રીનાં પાવન પર્વે જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અઘટી જ બનાવ ન બને તે માટે તમામ પ્રકારની તૈયારીઓ કરી દેવામાં આવી છે અને રાત્રી દરમિયાન નાઈટ વિઝન ડ્રોન કેમેરાથી સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

## ઝાલોદ નગરમાં ખોડિયાર માતાના મંદિરે આસો નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે પૂજા-અર્ચના સાથે ધ્વજા આરોહણ કરવામાં આવી



દાહોદ,

આજરોજ તારીખ ૦૩-૧૦-૨૦૨૪ ગુરુવાર એટલે આસો સુદ એકમ નવરાત્રીનો પ્રથમ દિવસ ગણાય છે. શાસ્ત્રોમાં નવરાત્રીના નવ દિવસમા માઁ જગદંબાના વિવિધ સ્વરૂપોની પૂજા અર્ચના કરવાથી માઁ જગદંબાની વિશેષ કૃપા ભક્તો પર બની રહે છે. આજના નવરાત્રિના પ્રથમ દિવસે નગરના સહુથી પૌરાણિક મંદિર એવા ખોડિયાર માતાના મંદિરે માઈ ભક્તો મોટા પ્રમાણમાં દર્શનાર્થે ઉમટયા હતા.

આજના વિશેષ દિવસે ખોડિયાર માતાના મંદિરે માતાનો વિશેષ શણગાર મનને મોહી લે તેવો હતો. ઉપસ્થિત સહુ લોકોએ માતાના દિપ પ્રાગટય કરી ખોડીયાર માતાની મહાઆરતી કરી હતી. ત્યારબાદ માતાની ધ્વજાની પૂજા અર્ચના કરી ઢોલ નગારા સાથે વાજતે ગાજતે બોલ માડી અંબે જય જય અંબેના ગગનભેદી નારા સાથે માતાના મંદિરના શિખર પર ધ્વજા આરોહણ કરવામાં આવી હતી. માતાની ધ્વજા આરોહણ કર્યા બાદ માતાના મંદિરના ચાચર ચોકમાં ગરબાની રમઝટ બોલાવી હતી. આખું મંદિર પરિસર માતા જગદંબાના જય જય જયકાર સાથે ગુંજી ઉઠયું હતું.

## પંચાયત અને કૃષિ મંત્રી કબચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ કેલીયા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

દાહોદ,

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ લોકોની રજુઆતોનો સમયસર નિકાલ તથા સરકારની વિવિધ યોજનાઓના લાભ અને સહાય નાગરીકોને એક જ જગ્યા ઉપર સરળતાથી મળી રહે તે માટે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ તા.૦૫-૧૦-૨૦૨૪, શનિવારના રોજ કેલીયા પ્રાથમિક શાળા ખાતે સવારે ૯ થી સાંજના ૫ કલાક સુધી સેવા સેતુ કાર્યક્રમ યોજાશે.

આ સેવા સેતુ કાર્યક્રમમાં કેલીયા, દેગાવાડા, ઝાબીયા, રૂવાબારી, ભુલર, સેવનીયા, ઉધાવળા, ડુખળી, કોળીના પુવાળા, બૈણા, સીમલાઘસી, ટીમરવા, કુવા, રેઢાણા, ઝાબ, વાંદર, જંબુસર, નગવાવ, વડભેટ, મોટીખજુરી, નાની ખજુરી જેવા ગામોને સમાવિષ્ટ કરવામા આવ્યા છે જે ગામના નાગરીકોને સ્થળ ઉપર જ સેવાઓ ઉપલબ્ધ મળશે. આ કાર્યક્રમ દરમ્યાન સરકારની વિભાગવાર વિવિધ સેવાઓ જેવી કે, આવક જાતિના દાખલા, રેશનકાર્ડમાં નામ દાખલ, નામ કમી, નામ સુધારો તથા E-KYC ની કામગીરી આધારકાર્ડને લગતી તમામ કામગીરી, પી.એમ.જે. માં અરજી, મફત હેલ્થ ચેક-અપ, કૃષિ, પંચાયત, પશુપાલન, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ, બસ કન્સેશન પાસ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ - વય વંદના - સંકટ મોચન સહાય યોજના, નવિન વારસાઈ અરજીઓ જન્મ-મરણ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી અને મિલ્કત આકારણીના ઉતારા, ઘરેલું નવા વીજ જોડાણ તેમજ બેન્કીંગને લગતી સેવાઓ, પી.એમ. સન્માનનિધી લાભાર્થીનું ઈ કેવાયસી કરવામા આવશે.

## ઝાલોદ કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા તોરણી ગામની બાળાને ન્યાય મળે તેમજ નેશનલ કોરીડોર થી ત્યાં વસતા સ્થાનિકોની સમસ્યાને ન્યાય મળે તે માટે આવેદનપત્ર આપવામાં આવ્યું

ઝાલોદ,

આજરોજ કોરીડોર હાઈવેના અસરગ્રસ્ત ખેડૂતો અને ઝાલોદ કોંગ્રેસ કાર્યકર્તા ઓ દ્વારા તા. ૦૩/૧૦/૨૦૨૪ ગુરુવાર ના રોજ સવારે ૧૨.૦૦ ક્લાકે ખેડૂત આગેવાન અને ઝાલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ ડાંગી ની અદયક્ષતામાં ઝાલોદ મામલતદાર કચેરી બાજુ જતાં પહેલા મારુતિ અને મહિન્દ્રા શો રુમની બાજુ માં આવેલ હાઈવે પાસે એકઠા થઈ તોરણી શાળા ના આચાર્ય ગોવિંદ નટ દ્વારા છ વર્ષ ની માસુમ બાળકી સાથે દુષ્કર્મ ની કોશિશ કરી હત્યા કરી દેવા માં આવતાં તે બાળકીને ન્યાય મળે તે માટે તે હત્યારાને જાહેરમાં ફાંસી આપવામાં આવે તે બાબતે મામલતદાર ઝાલોદને તેમજ દિલ્હી - મુંબઈ કોરીડોર હાઈવેના ઝાલોદ તાલુકાના ચૌદ ગામોના ગરીબ આદિવાસી ખેડૂતોની મૂળભૂત સુવિધા ઓ આ હાઈવેના કારણે છીનવાઈ જતાં અસરગ્રસ્ત ખેડૂતોને ખુબજ મુશ્કેલી ઓ નો સામનો કરવો પડી રહેલ છે તે અસરગ્રસ્ત ખેડૂતોને ન્યાય મળે તે માટે પ્રાંત અધિકારી ઝાલોદને મોટી સઁખ્યામાં રેલી સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત દાહોદ લોકસભાના પૂર્વ સાંસદ ડો. પ્રભાબેન તાવીયાડ અને દાહોદ જિલ્લા આદિવાસી સેલ પ્રમુખ મુકેશભાઈ ડામોર તથા જયેશભાઈ સઁગાડા અને ઝાલોદ શહેર પ્રમુખ મુકેશભાઈ વસૈયા, કલ્પેશભાઈ વસૈયા ઝાલોદ મહિલા પ્રમુખ પાર્વતીબેન ડામોર , શોભરાજભાઈ ડામોર, બચુભાઈ ગણાવા, નિમેષભાઈ ડામોર, સહિત મોટી સઁખ્યામાં *ચૌદ ગામના અસરગ્રસ્ત ખેડૂતો,ખેડૂતો ,સામાજિક આગેવાનો/ તેમજ જાહેર જનતા અને ઝાલોદ શહેર અને ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ આગેવાનો અને કાર્યકર્તા ઓ ઉપસ્થિત રહ્યા હતા.

આવેદન મારફત મુકેશભાઈ ડાંગીએ ચીમકી ઉંચારેલ હતી કે આવનાર તા. સાત ઓક્ટોમ્બરના રોજ અમારી છીનવાઈ ગયેલ મૂળભૂત સુવિધાના લગતા વલગતા તમામ જવાબદાર તંત્રના અધિકારી ઓ, હાઈવે ઓથોરિટી અને નેશનલ હાઈવે ના અદિકારી ઓ સાથે પ્રાંત અધિકારીના સભાખન્ડ ના દરેક ગામોના પાંચ પાંચ ખેડૂતો સાથે મીટીંગનું આયોજન કરી આમારી મૂળભૂત સુવિધા ઓ કેટલા સમયની અંદર ફરી ઉપલબ્ધ કરાવવામાં આવશે તેનું લેખિતમાં આપવામાં આવે નહીતો તા. ચૌદ ઓક્ટોમ્બરના રોજ થી જ્યાં સુધી તમામ સુવિધા ઓ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આ હાઈવે નું કામ ચૌદ ગામોમાં બન્ધ કરાવી દેવામાં આવશે તેવી ચીમકી સાથે આવેદન પત્ર આપ્યું હતું.

## ઝાલોદ નગરમાં મહારાજા અગ્રસેનજીની ૫૧૪૮ જન્મ જયંતિની ઉજવણી અગ્રવાલ સમાજ દ્વારા કરવામાં આવી



ઝાલોદ,

ઝાલોદ નગરના અગ્રવાલ સમાજ દ્વારા મહારાજા અગ્રસેનજીની ૫૧૪૮ જન્મ જયંતિની ઉજવણી ખૂબ જ ઉલ્લાસ પૂર્ણ વાતાવરણની વચ્ચે પંચ દિવસીય સાંસ્કૃતિક પ્રોગ્રામોના આયોજન સાથે આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૯-૦૯-૨૦૨૪ રવિવારના રોજ થી તારીખ ૦૩-૧૦-૨૦૨૪ ગુરુવાર સુધી પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

તારીખ ૦૩-૧૦-૨૦૨૪ ગુરુવારના રોજ ઝાલોદ નગરના અગ્રવાલ સમાજના સહુ લોકોએ મહારાજા અગ્રસેનજીના જન્મોત્સવની ઉજવણી પ્રસંગે પોતાના વ્યાપાર રોજગાર બંધ રાખી સમાજ દ્વારા રાખવામાં આવેલ પ્રોગ્રામોમા જોડાયા હતા. સહુ પ્રથમ દિપ પ્રાગટય કરી પ્રોગ્રામને ખુલ્લો મુકવામાં આવ્યો હતો, સમાજની બાળાઓ દ્વારા સ્વાગત વંદના અને પ્રાર્થના કરી પ્રોગ્રામની શરૂઆત કરી હતી. વિવિધ યોજાયેલ પ્રોગ્રામની સાથે અગ્રવાલ સમાજના જે લોકો વર્ષ દરમ્યાન સ્વર્ગલોક થયેલ તેમને શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનુ મૌન પાળવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત સહુ લોકો પાસે સમાજની પ્રગતિ માટે વિવિધ પ્રસ્તાવો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેથી સમાજ આવનાર સમયમાં વધુ મજબૂત બની શકે. સાંજના સમયમાં અગ્રવાલ સમાજ દ્વારા નગરના રાજમાર્ગો પર મહારાજા અગ્રસેન મહારાજની શોભાયાત્રા ધાર્મિક માહોલ સાથે ડી.જે ના તાલે નગરમાં કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામા નગરના સહુ અગ્રવાલ સમાજના લોકો પરિવાર સાથે જોડાયા હતા. અગ્રવાલ સમાજ દ્વારા રાખવામાં આવેલ પંચ દિવસીય વિવિધ કાર્યક્રમો જેમકે ક્રિકેટ, ખો ખો , બેડ મિંટન , સતોડીયા, કેરમ, ૧૦૦ મીટર દોડ ,રસ્સી ખેંચ, બોરી કુદ, નિમ્બુ ચમ્મચ, મ્યૂઝિકલ ચેર, મિટ્ટી સે શિવલિંગ બનાના, વેસ્ટ માંથી બેસ્ટ, નિબંધ સ્પર્ધા, હેર સ્ટાઈલ ,ડ્રાયફ્રૂટ પેકિંગ ,મારવાડી ડ્રામા, સાંકડી રાખી કી થાળી સજાના, નવરાત્રિ થીમ રંગોળી, મહેંદી હરીફાઈ, વેશ ભૂષા, ડાન્સ, ગ્રુપ ગરબા , એક મિનિટ સ્પર્ધા, ડીબેટ સ્પર્ધા, આરતીની થાળી સજાવટ જેવા વિવિધ પ્રોગ્રામો યોજાયા હતા. આ દરેક પ્રોગ્રામોમા અગ્રવાલ સમાજના બાળકો, યુવાઓ, મહિલાઓએ મોટા પ્રમાણમાં ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ઉપરોક્ત દરેક કાર્યક્રમોમા ભાગ લીધેલ દરેક વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવેલ હતું. સંપૂર્ણ આયોજન અગ્રવાલ સેવા સંઘ, અગ્રવાલ મહિલા મંડળ, અગ્રવાલ યુથ કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામના અંતે અગ્રવાલ સેવા સંઘના પ્રમુખ મૂકેશ અગ્રવાલ દ્વારા અગ્રવાલ સમાજના ઉત્સવને સહુ લોકોએ સુંદર સાથ સહકાર આપી સફળ બનાવ્યો તે બદલ દરેક લોકોનો આભાર માન્યો હતો. છેલ્લે અગ્રસેન મહારાજની મહાઆરતી કરી સમાજના સહુ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## સીંગવડ તાલુકાના યુવકને અપહરણ કેસમાં ૨૦ વર્ષની સખ્ત કેદની અને ૧૦ હજારનો દંડ ફટકારતી કોર્ટ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાંથી વર્ષ ૨૦૨૩ના વર્ષમાં એક યુવક દ્વારા ૧૩ વર્ષિય સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી લઈ ગયાના બનાવમાં આ કેસ લીમખેડાની કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા અપહરણ કરનાર આરોપી યુવકને ૨૦ વર્ષની સખ્ત કેદની સજાની સાથે રૂા. ૧૦ હજારના દંડનો હુકમ કરવામાં આવતાં કોર્ટ સંકુલમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો.

ગત તા.૦૫.૦૧.૨૦૨૩ના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષિય સગીરાને સીગવડ તાલુકામાં રહેતો સંજયભાઈ ગલાભાઈ નાયકે સગીરાને લગ્નની લાલચ આપી, પત્નિ તરીક રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી ગયો હતો. આ મામલે સગીરાના વાલી વારસ દ્વારા જેતે સમયે પોલીસમાં ફરિયાદ પણ નોંધાંવી હતી ત્યારે આ કેસ લીમખેડાની કોર્ટમાં ચાલી જતાં વકીલની દલિલો તેમજ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપી સંજયભાઈ ગલાભાઈ નાયકને ૨૦ વર્ષની સજાની સાથે સાથે રૂા. ૧૦ હજારના દંડનો હુકમ કરવામાં આવ્યો હતો સાથેજ ભોગબનાર સગીરાને રૂા.૪ લાખ વળતર પેટે ચુકવવાનો કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.





આજ રોજ તાલુકા કન્યા પ્રાથમિક શાળાના ગરબાડામાં સ્વ.અજીતસિંહ ભારતસિંહ રાઠોડની પુણ્યતિથિ નિમિત્તે તેમની બંને દીકરીઓ નિયતિબેન અર્જુનસિંહ રોઝ અને ભૂમિકાબેન હેમંતકુમાર ડામોર તરફથી શાળાની બાળાઓને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. એ ઉપરાંત બંને દીકરીઓ તરફથી શાળાની દરેક બાળાઓને સ્ટીલની ડીશ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી.માતા પિતા તરફથી મળેલા અમૂલ્ય સંસ્કાર અને અતુલ્ય લાગણીયુકત વારસાના કારણે તેમના સંતાનો શાળામાં અવારનવાર તિથિ ભોજન આપી પોતાનું દાયિત્વ અદા કરતા રહે છે જે ખરેખર આજના સમયમાં પ્રેરણારૂપ સમાન છે.

## અમૃતકાલમા આદીવાસી વિસ્તારમા સુવિધાઓ ક્યારે પહોંચશે : જીવના જોખમે શાળાએ જતા બાળકો

દાહોદ,

લીમખેડા તાલુકાના પાણીયા ગામે રોડ, રસ્તા પાણી વિગેરે જેવી પ્રાથમીક સુવિધાને પગલે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં આ ગામમાં એક કોતર આવતું હોવાથી જાહેર રસ્તાના અભાવે ચોમાસામાં આ કોતર પાણીથી ભરાઈ જાય છે અને આ કોતરને ઓળંગીને ગ્રામજનોને, વિદ્યાર્થીઓને તેમજ ગામમાં કોઈ બિમાર પડે ત્યારે તેઓને લાવવા લઈ જવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો ત્યારે એક કિલોમીટર દુર અભ્યાસ માટે જવા મજબુર વિદ્યાર્થીઓને આ કોતરમાંથી પસાર થઈ શાળાએ આવવા, જવા મજબુર બની રહ્યાં છે. આ મામલે સંબંધિત તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાંય આ ગામમાં રસ્તાની કોઈ સુવિધા પુરી પાડવામાં ન આવતાં લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે તેમાંય રાજ્ય સરકાર દ્વારા તેમજ કેન્દ્ર સરકાર દ્વારા આવા આદિવાસી બાહુલ્ય ધરાવતાં ટ્રાયબલ વિસ્તારોના વિકાસ માટે લાખ્કો કરોડોની ગ્રાંન્ટો પણ મંજુર કરતી હોય છે. ત્યારે આવા ટ્રાયબલ વિસ્તારોમાં બાળકો ભણી શકે તે માટે પણ સરકાર દ્વારા લાખ્ખો કરોડોની ગ્રાંન્ટ મંજુર કરે છે પરંતુ દાહોદ જિલ્લામાં વિકાસના નામે હાલ પણ ઘણા ગ્રામ્ય વિસ્તારો ઝઝુમી રહ્યાં છે. દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, સ્વચ્છતા વિગેરે જેવી પ્રાથમીક સુવિધાના અભાવે હાલ પણ લોકો આવી સમસ્યાઓથી ઝઝુમી રહ્યાં છે ત્યારે આવોજ એક કિસ્સો લીમખેડાના પાણીયા ગામે સામે આવ્યો છે જેમાં પાણીયા ગામના વકીલ ફળિયાથી સીમાડા ફળિયા સુધી રસ્તાના અભાવે લોકોને આ રસ્તાની વચ્ચેથી પસાર થતાં કોતરમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. ચોમાસાની ઋતુમાં આ કોતર પાણીથી ભરાઈ જાય છે જેમાં ગ્રામજનોને અવર જવર કરવી પડે છે. આ ગામમાં ૨૦૦થી વધુ લોકો વરસાવટ કરે છે ત્યારે આ ગામમાં રસ્તાને અભાવે કોઈ બિમાર વ્યકિતને જયારે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે લાવવા લઈ જવામાં પણ જોખમ ઉભું થાય તેમ છે. ખાસ કરીને વિદ્યાર્થી વર્ગને એક કિલો મીટર દુર આવેલ પ્રતાપપુરા રેલ ફળિયા વર્ગ પ્રાથમીક શાળા જવા માટે આ કોતરમાંથી પસાર થઈ શાળાએ આવવા, જવા માટે મજબુર થવું પડે છે. આ ગામમાં અન્ય કોઈ રસ્તાની પણ સુવિધા ન હોવાને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રામજનો દ્વારા આ મામલે અનેક્વાર લાગતા વળગતાં તંત્રને રજુઆત કરવા છતાંય આજદિન સુધી આ ગામમાં રસ્તાની કોઈ સુવિધા પુરી પાડવામાં આવી નથી ત્યારે આ ગામમાં રસ્તાની સુવિધા પુરી પાડવામાં આવે તેવી લાગણી અને માંગણી ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

## લીમડી ગાયત્રી શક્તિપીઠ ખાતે પ્રથમ નવરાત્રિ નિમિતે ૫ યજ્ઞકુંડી હવન કરાયું

લીમડી,

આજે તારીખ ૦૩/૧૦/૨૦૨૪ ગુરુવારના રોજ સવારે ૯ કલાકે મળતી માહિતી મુજબ લીમડી ગાયત્રી શક્તિપીઠ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા પ્રથમ નવરાત્રિ નિમિતે ૫ યજ્ઞકુંડી હવનનુ આયોજન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં સવારથી યજમાનની ઉપસ્થિતમાં ગાયત્રી પરિવાર યજ્ઞકુંડી હવનનુ પ્રારંભ કરાયું.ગાયત્રી મંત્ર, શાસ્ત્રોક્ત મંત્ર સાથે હવન કરાયું. સાથે ગર્ભવતી સ્ત્રીનુ ગર્ભસંસ્કાર વિધિ પણ કરવામાં આવી.આજથી શરૂ કરાયેલ હવન નવરાત્રીના ૯ દિવસ દરરોજ અને વિજયાદશમીના દિવસે સવારે ગાયત્રી શક્તિપીઠ લીમડી મુકામે કરાશે.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.38

# ગોધરાના નિવૃત્ત શિક્ષકને અજાણ્યા ઈસમે ફોન કરી ફોન હેક કરી એકાઉન્ટમાંથી ૩ લાખ રૂપિયા ટ્રાન્જેકશન કરી છેતરપિંડી કરી !

ગોધરા,

ગોધરા શહેર ગોવિંદ ફાટક પાસે મધુવન સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષકને અજાણ્યા નંબર ઉપરથી ફોન આવ્યો હતો અને હિન્દીમાં વાતચીત કરી હતી. ફરિયાદીને નીલગીરીના રોપાવાળાનો ફોન આવેલ હોય તેવુ લાગતા પોતાની પત્નિની તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલમાં હોવાનુ કહેતા એકાઉન્ટ નંબર આપો તેમને પૈસા ટ્રાન્સ્ફર કરી આપુ તેમ કહી એકાઉન્ટ નંબર મેળવી ફરિયાદીના ખાતામાંથી ૩ લાખ રૂપિયા ટ્રાન્સ્ફર કરી છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા ગોવિંદી ફાટક પાસે મધુવન સોસાયટીમાં રહેતા દિનેશચંદ્ર નારણભાઈ પટેલ નિવૃત્ત શિક્ષક હોય તેમને મોબાઈલ નં.-૯૨૦૧૪૩૦૧૪૪ પરથી ફોન આવ્યો હતો અને ફોન ઉપર હિન્દીમાં વાતચીત કરી જેથી ફરિયાદીને લાગેલ કે, નીલગીરીના રોપાવાળા અંબાલાલભાઈનો ફોન આવેલ છે જેથી પોતાની પત્નિની તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલમાં હોવાનુ જણાવેલ હતુ ત્યારે મોબાઈલ ફોન ઉપર વાત કરતા વ્યકિતએ તમારો એકાઉન્ટ નંબર આપો પૈસા ટ્રાન્સ્ફર કરીઆપુ છુ તેમ કહીને ફરિયાદીનો નંબર હેક કર્યો હતો અને રૂ.૭૫,૦૦૦/-, ૨૫,૦૦૦/-,૨,૦૦,૦૦૦/-રૂપિયા મળી કુલ ૩,૦૦,૦૦૦/-રૂપિયા ટ્રાન્જેકશન કરી લઈ ઉપાડી લઈ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# પાવાગઢ યાત્રાધામ ખાતે નવરાત્રીના પહેલા નોરતે લાખો માઈ ભકતો દર્શન માટે ઉમટી પડ્યા



હાલોલ,

પાવાગઢ યાત્રાધામ અને શક્તિપીઠ ખાતે આજે આસો નવરાત્રીના પ્રથમ નોરતે લાખોની સંખ્યામાં માઈ ભકતોનુ મહેરામણ ઉમટ્યુ હતુ. માઈ ભકતોએ માતાજીના દર્શન કરી ધન્વતા અનુભવી હતી.

આસો નવરાત્રીના પ્રથમ નોરતે પાવાગઢ યાત્રાધામ શક્તિપીઠ ખાતે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા. ગુરૂવારના રોજ શરૂ થયેલ નવરાત્રીના પ્રથમ દિવસે માતાજીના દર્શન કરવા મોડીરાત્રે બુધવારે મોટી સંખ્યામાં માઈ ભકતો ઉમટી પડ્યા હતા. જેને લઈ માઈ ભકતોનો સેલાબ જોવા મળ્યો હતો. પાવાગઢને જોડતા તમામ માર્ગો ઉપર માઈ ભકતોના જયઘોષ સાથે આગળ વધતા જોવા મળ્યા હતા. માતાજીના મંદિરના પગથિયા ઉપર માતાજીના દર્શન માટે વહેલી સવારે કતારો લાગી હતી. પાવાગઢ મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વહેલી સવારે ૪ વાગ્યાના સમયે માતાજીનુ મંદિર ખુલતા માઈ ભકતો જય માતાજીના જયઘોષથી મંદિર પરીસર ગુંજી ઉઠ્યુ હતુ. નવરાત્રી દરમિયાન દર્શન માટે આવતા દર્શનાર્થીઓની સુરક્ષા અને સલામતી માટે પાવાગઢ તળેટીથી નિંજ મંદિર સુધી ૭૦૦ ઉપરાંત પોલીસ કર્મીઓ ફરજ ઉપર તૈનાત કરાયા છે. સાથે તળેટીથી લઈ નિંજ મંદિર સુધી ૭૦ જેટલા સીસીટીવી લગાવવામાં આવ્યા છે. અને સીસીટીવી દ્વારા યાત્રિકોની સલામતી માટે નજર રાખવામાં આવી રહી છે. પાવાગઢ તળેટીથી માંચી સુધી દર્શનાર્થીઓ માટે ૫૦ ઉપરાંત એસ.ટી.બસની સુવિધા કરવામાં આવી છે. અને એસ.ટી બસો ૨૪ કલાક ચલાવવામાં આવી રહી છે. નવરાત્રીના પહેલા દિવસે લાખોની સંખ્યામાં માઈ ભકતો દર્શન માટે ઉમટી પડયા હતા. જેને લઈ કેટલાક યાત્રાળુઓ પૈકી કેટલાક યાત્રાળુઓ પરિવારજનોથી વિખુટા પડી ગયા હતા. પોલીસ દ્વારા વિખુટા પડેલા લોકોનુ પરિવારજનો સાથે મિલન કરાવ્યુ હતુ.

# શહેરાના ડુમેલાવ ગામે રોડ ઉપર બાઈક ચાલકે રોડ સાઈડ ઉભેલ વ્યકિતને અકસ્માત સર્જી મોત નીપજાવી તેમજ પોતાનુ પણ મોત નીપજાવી ગુનો કર્યો



શહેરા,

શહેરા તાલુકાના ડુમેલાવ ગામે રોડ ઉપરથી પસાર થતાં બાઈક ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડે ઉભેલ ૬૫ વર્ષિય વયોવૃદ્ધને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. તેમજ ચાલકની બાઈક પાછળ બેઠેલ યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તેમજ ચાલકને ગંભીર ઈજાઓ થતાં મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ડુમેલાવ ગામે રોડ ઉપરથી પસાર થતી બાઈક નં.જીજે-૧૭-સીએચ-૨૭૦૩ના ચાલક રાજેશભાઈ રતનાભાઈ માલીવાડ(રહે.ધામણોદ, તા.શહેરા)એ પોતાનુ બાઈક પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડમાં ઉભેલ બળવંતસિંહ બિજલસિંહ પટેલ (ઉ.વ.૬૫, રહે.ચલાલી, તા.શહેરા)ને અડફેટમાં લઈ અકસ્માત સર્જાયો હતો. અકસ્કમાતમાં બળવંતસિંહ પટેલને માથા અને શરીરના ભાગે ઈજાઓ થતાં સારવાર માટે ખસેડતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.જયારે બાઈક પાછળ બેઠેલ રાહુલ માલીવાડને ઓછી વત્તી ઈજાઓ પહોંચાડી ચાલક રાજેશભાઈ માલેવાડે પોતાના શરીરે ઈજાઓ પહોંચાડી મરણ જઈ ગુનો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓએ વણાંકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ની મુલાકાત લીધી



ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ ઈજનેરી ના વિદ્યાશાખા ના ૪૫ જેટલા વિદ્યાર્થીઓ માટે વણાંકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ની વિઝીટ નુ આયોજન પ્રો વિપુલ ભટ્ટ, પ્રો હાર્દિક શુક્લ, પ્રો દીક્ષિત પાઠક અને પ્રો નિલેશ રાવત દ્વવારા આચાર્ય પ્રો એ કે પટેલ ના માર્ગદર્શન મા કરવામાં કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત વિઝીટ મા વિદ્યાર્થીઓ એ બોઈલર, ટરબાઈન, કુલિંગ ટાવર, કંડેન્સર, ફેન, ESP, રેનકાઈન સાયકલ, પ્રિ હિટિંગ,રિજનરેટીવ હિટિંગ, ડી એરેટૅર, એશ કલેક્શન મેથડ, કોલ પ્લાન્ટ, કોલ મિલ વિગેરે ની વિસ્તૃત માહિતી મેળવેલ હતી.પાવર પ્લાન્ટ મા ટ્રેનિંગ વિભાગ ના પ્રણવ ભટ્ટ સાહેબ, પરમાર સાહેબ, નીતાબેન વિગેરેએ ખુબ સરસ સહકાર આપેલ અને વિદ્યાર્થીઓ ને વિસ્તૃત માહિતી માર્ગદર્શન આપેલ. પ્રો હાર્દિક શુક્લ અને પ્રો વિપુલ ભટ્ટ સાહેબે પાવર પ્લાન્ટ ટીમ નો આભાર માન્યો હતો. મિકેનિકલ ના ફાઈનલ ચર ના વિદ્યાર્થીની પ્રિયા ચૌહાણ એ જણાવ્યું હતું કે અમને આ પ્રકાર ની વિઝીટ થી અમારા પ્રેક્ટિકલ જ્ઞાન મા ખુબ વધારો થયો છે અને અમે અમારા અધ્યાપકો નો આભાર માનીએ છીએ.

# ગોધરા બામરોલી રોડ ઈન્દ્રપ્રસ્થ સોસાયટીના મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૩.૪૦ લાખની ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા બામરોલી રોડ ઈન્દ્રપ્રસ્ત સોસાયટીના મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરના દરવાજાનુ લોક તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરી તેમજ કબાટમાંથી રોકડા ૧ લાખ દાગીના મળી કુલ રૂ.૩,૪૦,૦૦૦/-ના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા બામરોલી રોડ પંચાલ હોસ્પિટલ પાછળ ઈન્દ્રપ્રસ્ત સોસાયટીમાં રહેતા કમલેશકુમાર મહેન્દ્રભાઈ પંડ્યાના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ. ઘરના દરવાજાનુ તાળુ તોડી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી ઘરમાં રાખેલ તિજોરી અને કબાટનુ લોક તોડી તિજોરીના લોકરમાં રાખેલ ૨,૦૦,૦૦૦/-રૂપિયા રોકડા તેમજ સોનાનો સેટ પોણા બે તોલા કિ.રૂ.૧,૦૦,૦૦૦/-, સોનાની બુટ્ટી ૧૫,૦૦૦/-રૂ., સોનાની બે વિંટી કિ.રૂ.૨૦,૦૦૦/-, ચાંદીના સિકકા નંગ-૧૦ કિ.રૂ.૫,૦૦૦/-મળી કુલ ૩,૪૦,૦૦૦/-રૂપિયાના મુદ્દામાલની તસ્કરો ચોરી કરી ફરાર થઈ જતાં આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ગોધરા તાલુકાના ભલાણીયા પ્રા.શાળાના કમ્પાઉન્ડ વોલ માટે ૨૦૧૬થી રજુઆત તંત્ર ન સાંભળતા જાગૃત નાગરિકે આંખ અને કિડની વેચવા કાઢતા કમ્પાઉન્ડ વોલ બનાવી આપી

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ગામના વ્યકિતને ૨૦૧૬માં એસએમએસીના અધ્યક્ષ બનાવ્યા હતા. શાળામાં કમ્પાઉન્ડ વોલ ન હોવાથી જાનવરો ઘુસી જતાં હોવાથી વિદ્યાર્થીઓને જોખમ હોય જેને લઈ એસએમસી અધ્યક્ષ દ્વારા ૨૮ વખત લેખિત રજુઆત છતાં પ્રશ્નનુ નિરાકરણ આવ્યુ ન હતુ. આખરે અરજદારે શાળાની દિવાલ બનાવવા માટે આંખ અને કીડની વેચવાની પોસ્ટ સોશિયલ મીડિયામાં મુકતા તંત્ર દોડતુ થયુ અને આખરે દિવાલ બનાવી આપી છે.

ગોધરા તાલુકાના ભલાણીયા ગામના પ્રા.શાળામાં ૨૦૧૬ના વર્ષમાં ગોપાલભાઈ પટેલને શાળા એસએમસીના અધ્યક્ષ બનાવ્યા હતા. ત્યારથી પ્રાથમિક શાળાની ફરતે કમ્પાઉન્ડ વોલ ન હોવાથી જાનવરો ઘુસી જવાથી વિદ્યાર્થીઓને જોખમ હોય જેને લઈ એસએમસી અધ્યક્ષ દ્વારા ૨૮ વખત લેખિત રજુઆત કરી છતાં સરકારી તંત્ર આવી રજુઆતો ઉપર ધ્યાન આપતુ ન હતુ. શાળાની કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે ૬ લાખ રૂપિયાનો ખર્ચ હતો. સ્થાનિક તંત્ર દ્વારા ગ્રાન્ય ન હોય કમ્પાઉન્ડ વોલ બનાવી આપતા ન હોય જેને લઈ ગામના જાગૃત નાગરિક અને શાળાની કમ્પાઉન્ડ વોલ માટે ૨૦૧૬થી લડત આપતા અરજદાર દ્વારા કમ્પાઉન્ડ વોલ માટે ૬ લાખનો ખર્ચ થતો હોય તે માટે પોતાની એક આંખ અને કીડની વેચવાની પોસ્ટ સોશિયલ મીડિયામાં મુકતા વહીવટી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. અને આખરે તંત્ર હરકતમાં આવ્યુ હતુ અને શાળાનુ કમ્પાઉન્ડ વોલ બનાવી આપી હતી. વર્ષો જુની શાળાના કમ્પાઉન્ડ વોલની સમસ્યા જાગૃત નાગરિક અને અરજદાર લડત આપી હલ કરતા જિલ્લા પંચાયત તેઓને બેસ્ટ એસએમસીનો એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા.

# નવરાત્રિ પર્વ દરમિયાન અભયમ,૧૮૧ મહિલા હેલ્પ લાઈન પંચમહાલ ગોધરા ટીમ મહિલાઓની મદદ,માર્ગદર્શન અને બચાવ માટે તૈનાત રહેશે




ગોધરા,

આગામી નવરાત્રી પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ મોટી સંખ્યા મા ગરબા સ્થળે એકત્રિત થાય છે જેઓ સાથે કોઈ અનિચ્છનિય ઘટના બને નહીં અને સુરક્ષિત રીતે ગરબા માં ભાગ લઈ શકે તે માટે પોલીસ સાથે અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ની ટીમ પણ ફરજ બજાવશે.ગુજરાત સરકાર ની અભિનવ હેલ્પ લાઈન મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ તેમજ ઇ. એમ. આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કાર્યાન્વિત છે જે દિવસે દિવસે મહિલાઓ માં વધુ ને વધુ વિશ્વવનીય અને સાચી સહેલી તરીકે ઉભરી રહી છે.અભયમ ટીમની ૨૪*૭ સેવાઓ કાયમી હોય છે જેઓ પિડીત મહિલાઓ ને સમયસર મદદ, માગેદશેન અને બચાવ ની અગત્ય ની કામગીરી ફરજ ના ભાગ રૂપે બજાવે છે વિશેષ નવરાત્રિ પર્વ ને ધ્યાન માં રાખી ગરબા સ્થળે, આજુબાજુ ના વિસ્તાર માં ફરજ ની સાથે પેટ્રોલિંગ પણ કરશે જેથી કોઈ અઘટિત બનાવ બને નહી અને મહિલાઓ સુરક્ષિત રીતે ગરબા નો આનંદ માણી શકે. ખાસ કરી મહિલાઓ માટે સંદેશ છે કે ગરબા પરિચિત ગ્રુપ સાથે રહેવુ, કોઈ અજાણ્યા વ્યકિત સાથે નાસ્તો કે પીણું પીવું નહી, વધુ વ્યકિત ની અવરજવર હોય તે રસ્તો પસંદ કરવો, અજાણ્યા વ્યક્તિઓ સાથે ફોટો શેર કરવો નહી.અભયમ સેવાઓ ઝડપ થી મેળવવા માટે પ્લે સ્ટોર માંથી અભયમ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી જે મુશ્કેલી ના સમયે ઝડપ થી આપના સુધી સેવાઓ પહોંચાડી શક્શે.કોઈપણ સતામણી કે શંકા હોય તો તરતજ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન કે ૧૦૦ નંબર નો સંપર્ક કરવો.

# કાલોલ તાલુકાના સુલતાન પૂરા ગામે ખેતરોમાં વિશાળ મોટો અજગર દેખા દેતા લોક ટોળા જોવા ઉમટ્યા



કાલોલ,

કાલોલ તાલુકાના સુલતાન પુરા ગામ નજીકના ખેતરોમાં વિશાળ અજગર દેખતાં નજીકના વિસ્તારોમાં ભય ફેલાયો હતો સુલતાનપુરા ગામ નજીકના વિસ્તારમાં જે ખેતરો માં કામ કરતા સ્થાનિક યુવાન ચાવડા કેતનસિંહ કિશોરસિંહ એ પોતાના ખેતરમાં અજગર જોતાં ગામ માં જાણ કરતા વાત પ્રસરી હતી આ બાબતે બપોરે કેટલાક લોકો ખેતરો માં જતાં અજગર દેખા દેતા ગામ માં જાણ થતાં જ ગામમાં થી લોકો જોવા માટે સ્થળ પર દોડી આવ્યા હતા જીવ દયા પ્રેમીને જાણ કરતા જ તેમની ઘોઘંબાની ટીમ દ્વારા કાલોલના સુલતાન પૂરા ગામેથી અજગરનું રેસ્ક્યું કરવામાં આવ્યું હતું.

# એમ.જી.શાહ હાઈસ્કૂલ કાંકણપુર ખાતે ફાયર સલામતી સંદર્ભે મોકડ્રીલનું આયોજન કરાયું




ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર એમ.જી.શાહ હાઈસ્કૂલમાં સાવચેતી એ જ સલામતીના ભાગ રૂપે નગર સેવા સદન,ગોધરા અને શાળાના એન.એસ.એસ યુનિટના સંયુકત ઉપક્રમે ફાયર સેફટીની જાગૃતતા સંદર્ભે એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ફાયર બ્રિગેડ ટિમ દ્વારા કુદરતથી કે માનવસર્જિત આપત્તિ આવી પડે ત્યારે આપત્તિના વ્યવસ્થાપન સંદર્ભે કઈ કઈ બાબતોની કાળજી રાખવી ,આગ લાગે તો શું કરવું , તેને કઈ રીતે ઓલવવી આગમાં પ્રકાર તેને ઓલવવાના પદ્ધતિ તેમજ કુદરતી આપત્તિમાં ઓછામાં ઓછું નુકસાન કઈ રીતે થાય અને બચવાના ઉપાયો અંગે શાળાના અભ્યાસ કરતા તમામ બાળકો ઉપરાંત નજીકની પ્રાથમિક શાળાઓનાબાળકો,આચાર્યો,શિક્ષકો તેમજ ગ્રામજનોએ સેફટી અંગેના રાખવા જેવી બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગોધરા પંચમહાલ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તા.૨૬ મી ઓકટોબરના રોજ સ્પેશ્યલ લોક અદાલત યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળદ્વારા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળના નેજા હેઠળ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળના માર્ગદર્શન તેમજ પંચમહાલ મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ શ્રી સી.કે.ચૌહાણની અધ્યક્ષતા હેઠળ આગામી તા.૨૬/૧૦/૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ લોક અદાલત યોજાશે. પંચમહાલ જિલ્લામાં પેન્ડીંગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતથી નિકાલ કરી શકાય એવા મોટર એક્સીડન્ટ ક્લેમ પીટીશન, વૈવાહિક તકરારોના ફેમીલી કોર્ટના કેસ, ચેક બાઉન્સ જેવા ટાર્ગેટેડ કેસ માટે પક્ષકારો તથા તેમના વકીલોએ સબંધીત કોર્ટનો સંપર્ક કરવો તેમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરાપંચમહાલના સચિવ શ્રી કે.કે.પટેલ દ્વારા એક યાદીમાં જણાવાયું છે. ઉપરાંત જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરા કચેરી દ્વારા ઉક્ત કેસોના સુખદ નિરાકરણ માટે બેંચનું ગઠન કરાયું છે. જે બેંચ વિશેષ લોક અદાલતના માધ્યમથી ટાર્ગેટેડ કેસોના સમાધાનથી નિકાલ કરશે. પક્ષકારો તથા તેમના વકીલોએ વિશેષ લોક અદાલતમાં ટાર્ગેટેડ કેસોનાં કન્સીલેશન માટે તથા તેની વધુ માહીતી માટે સબંધીત કોર્ટનો સંપર્ક કરવા યાદીમાંવધુમાં જણાવાયું છે.

# પંચમહાલ જિલ્લામાં તા.૨૪ મી ઓક્ટોબરના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૪/૧૦/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેકટર કચેરીનાસભાખંડ(કોન્ફરન્સ હોલ), પંચમહાલ ખાતે યોજાશે.

પંચમહાલ જિલ્લાના નાગરિકો/અરજદારો/પ્રજાજનોએ તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના પ્રશ્ન લેખિતમાં જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે આગામી તા.૧૦/૧૦/૨૦૨૪ સુધીમાં સબંધિત કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજીઓ મોકલી આપવાની રહેશે. આ ઉપરાંત અરજદારો સ્વાગત કાર્યક્રમની વેબસાઈટ swagat.gujarat.gov.in પર પણ ઓનલાઈન અરજી કરી શકશે. અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ/પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશનના કવર તેમજ અરજી ઉપર જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ એમ સ્પષ્ટ લખવાનું રહેશે. અરજદારે અરજીની અંદર પોતાનું નામ તથા સરનામુ અને પોતાનો ટેલીફોન કે મોબાઈલ નંબર અથવા સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે. જિલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા અરજદારે સૌપ્રથમ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં, ત્યારબાદ જે કચેરીનો પ્રશ્ન હોઈ ત્યાં અરજી કરેલ હોવી જોઈએ, જિલ્લાકક્ષાનો પ્રશ્ન માટે જિલ્લાના જવાબદાર અધિકારીશ્રીને કરેલ રજુઆતની નકલ અરજી સાથે જોડવાની રહેશે. તેમજ તા.૧૦/૧૦/૨૦૨૪ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.જે અરજદારોના પ્રશ્નો જિલ્લા કક્ષાના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં લેવામાં આવ્યા હોય તે અરજદારોને તા.૨૪/૧૦/૨૦૨૪ સવારે ૧૦-૦૦ કલાકે કલેકટર કચેરી સભાખંડ, પંચમહાલખાતે રૂબરૂ હાજર રહેવા કલેકટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો જોગ બાગાયત ખાતાના વિવિધ ઘટકોના લાભ લેવા માગંતા ખેડૂતો

ગોધરા,

વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતાનીવિવિધ સહાય લક્ષી યોજનાઓ જેવીકે,આંબાતથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવા માટે સહાય,આંબા તથા લીબુ ફળ પાકના જુના બગીચાઓનુ નવસર્જન માટે યોજના,કેળ ટીસ્યુ ફળપાક ઉત્પાદકતા વધારવા માટે યોજના, કમલમ ડેગનફુટ માટે સહાય, કોમ્પ્રીહેંસીવ ડેવલપમેંટ ઓફ હોર્ટીકલ્ચર, ઘનીષ્ટ ખેતીથી વાવેલ ફળ પાકો આંબા, જામફળ,દાડમ.,ટીસ્યુ ખારેક ખેતીમા સહાય,નાળીયેરી વાવેતર વિસ્તાર,પપૈયા ફળ પાક ઉત્પાદન માટે સહાય, ફળ પાક પ્લાંટીગ મટેરીયલ્સમાં સહાય, વધુ ખેતી વાળા ફળ પાક સિવાયના ફળ પાકો, શાકભાજી પાકોમાં પ્રાકુતિક ખેતીસહાય, સરગવા ખેતીમા સહાય, કંદ ફુલો,દાડી ફુલો,નેટ હાઉસ નળાકાર સ્ટ્રકચર માટે,હાઈટિક ગ્રીન હાઉસ(ફેન પેડ),નેચરલી વેંટીલેટેડ નળાકાર સ્ટ્રકચર માટે, રેફ્રીઝેટેડ ટ્રાંસ્પોર્ટ વિહીકલ,પ્રાઈમરી/મોબાઈલ/મીનીમલ પ્રોસેસીગ યુનીટ,રાઈપનીગ ચેમ્બર(ક્ષમતા૩૦૦ મે.ટન),મધમાખી સમુહ કોલીની તથા મધમાખી હાઈવ્સ, હની એક્સ્ટ્રેકટર (૪ ફ્રેમ)ફુડ ગ્રેડ કંટેનર,મિશન મધમાખી,નાની નર્સરી(૧ હે),નવી ટીસ્યુ લેબની સ્થાપના, ફંકશનલ ઈંફ્રાસ્ટકચર(કલેકશન શોર્ટીગ,ગ્રેડીગ,પેકીગ એકમો વગેરે તેમજ (ગુણવતા નિયંત્રણ પૃથ્થકરણ પ્રયોગશાળા)માટે સહાય જેવીબાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ/ઘટકો માટે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in ) ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

બાગાયત ખાતાની ઉક્તસહાય યોજનાઓ/ઘટકો હેઠળ લાભ લેવા માંગતા હોય તેવા તમામ લાભાર્થીઓએ આગામી તા. ૧૫/૧૦/૨૦૨૪ સુધીમાં ગામના ઈ-ગ્રામ કેન્દ્ર અથવા ખાનગી ઈન્ટરનેટ સોર્સ મારફત પોતાના ૮-અ, ૭ અને ૧૨ નકલ, રેશનકાર્ડ, આધારકાર્ડ તથા ચાલુ બેંક ખાતાની વિગત તેમજ લાગુ પડતા બાગાયતદારો માટે જાતિના દાખલા (અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ લાભાર્થી માટે) સાથે સમયસર અરજી કરવા તથા અરજી કર્યા બાદ અરજીની નકલ અને ઉપર જણાવેલ સાધનીક કાગળો અરજી કર્યા બાદના દીન-૦૭ (સાત) માં સેવા સદન-૨ ના બીજા માળે રૂમ નં.૯-૧૨ માં આવેલ નાયબ બાગાયત નિયામકની કચેરી,ગોધરા,પંચમહાલ ખાતે રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા અને વધુ માહિતી માટે કચેરીના ફોન.નં. ૦૨૬૭૨-૨૪૦૦૩૯ ઉપર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક,પંચમહાલ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# મોરવા(હ)ના વંદેલી ગામે ઈંગ્લીશ દારૂની હેરાફેરીમાં પકડાયેલ આરોપીના રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

મોરવા(હ),

મોરવા(હ)તાલુકાના વંદેલી ગામે પોસ્ટ ફળિયામાં પકડાયેલ ઈંગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલા આરોપીએ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી હાથ ધરતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી. મોરવા(હ)તાલુકાના વંદેલી ગામે પોસ્ટ ફળિયામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવાના ગુનામાં સ્વિફટ ગાડી નં.-જીજે-૨૦-એ-૮૭૩૬ દ્વારા પાયલોટીંગ કરનાર આરોપી જયનભાઈ સાયરસિંહ માવી(રહે.ગલાલીયાવાડ,દાહોદ)ઝડપાયેલ હતા. જયારે બે ઈસમો નાસી છુટ્યા હતા. પોલીસે ઈંગ્લીશ દારૂ કિ.રૂ.૬૮,૩૨૫/-તેમજ સ્વિફટ ગાડી મળી કુલરૂ.૩,૬૮,૩૨૫/-નો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે જયન સાબરસિંહ માવી, ચતુરભાઈ ઉર્ફે પિંટુ વિનેશભાઈ મકવાણા, લલીતભાઈ હિરાભાઈ મેડાને ઝડપી જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આરોપીઓ પૈકી જયન સાબરભાઈ માવીએ રેગ્યુલર જામીન માટે પંચમહાલ જિલ્લા ડિસ્ટ્રિક્ટ જજ સી.કે.ચૌહાણની કોર્ટમા અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરે વિગતવાર દલીલો કરતા દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.